Chapter. 7

શબ્દકોશ

અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડની વાર્તા'માં આવતા નોંધપાત્ર શબ્દોનો કોશ અહીં આપ્યો છે. શબ્દના અર્થ પછી નોંધેલા અંગ્રેજી ક્રમાંક, ઉપર્યુક્ત 'પંચદંડની વાર્તા'ની હસ્તપ્રતના પૃષ્ઠાંક દર્શાવે છે. જેમ કે 1-A : પાન એકની પહેલી બાજુ; 1-B : પાન એકની બીજી બાજુ.

સંક્ષેપસૂચિ નીચે મુજબ છે:

અ.	અવ્યય
અ.ક્રિ.	અકર્મક ક્રિયાપદ
અ.ગુજ.	અર્વાચીન ગુજરાતી
અપ.	અપભ્રંશ
અર.	અરબી
ક્રિ.વિ.	ક્રિયાવિશેષણ
ગુજ.	ગુજરાતી
ગ્રા.ગુજ.	ગ્રામ્ય ગુજરાતી
જૂ.ગુજ.	જૂની ગુજરાતી
દે.	દેશ્ય

ન.	નપુંસક લિંગ
પું.	પુંલિંગ
પ્રા.	પ્રાકૃત
ફા.	ફારસી
ભૂ. કૃ.	ભૂત કૃદંત
મ.	મરાઠી
માર.	મારવાડી
વિ.	વિશેષણ
સ.	સર્વનામ
સ. ક્રિ.	સકર્મક ક્રિયાપદ
સં.	સંસ્કૃત
સ્ત્રી.	સ્ત્રીલિંગ
હિ.	હિન્દી.

અત્યારતાઇ : ક્રિ. વિ. 'અત્યાર સુધી': 19-B. [सं. अत्र + पार + જૂ. गुज. નો પ્રત્યય 'થકઇ'] જુઓ 'જ્યારતાઇ' -1-B. 'ત્યારતાઇ' 2-A.

અસબાબ : [अर.] 'સરસામાન': 42-A.

અર : અ. ઉભયાન્વયી અવ્યય 'અને' 31-B. [सं. अपर > प्रा. अवर > જૂ. गुज. अवर, हिं. और. मार. अर]

અરડી૦ : ભૂ. કૃ. 'ભેંકડો તાણીને', 'ગળામાંથી જોરાને અવાજ કાઢીને.' 22-A. [सं. आ+रट् > प्रा. आरड > जू. गुज. आरडवुं—अरडवुं].

અર્ધચંદ્ર બાણ : ન. 'બીજના ચંદ્રના આકારનું બાણ.' 28-A. [सं. अर्द्धचन्द्रबाण] અર્ધચંદ્ર બાણનું ફળ બીજના ચન્દ્રના આકારનું હોય છે.

બાણના અન્ય પ્રકારોમાં, 'ક્ષુરપ્ર', 'નારાચ', 'વિપાઠ', 'શક્તિ', 'શર' આદિ છે. 'ક્ષુરપ્ર' અસ્ત્રા જેવી તીક્ષ્ણ ધારવાળા બાણનું નામ છે; 'નારાચ' જાડું અને તીક્ષ્ણ બાણ છે, જ્યારે 'વિપાઠ' હલકું પોલું ફળવાળું બાણ છે; 'શક્તિ' એ બાણનો જ એક પ્રકાર છે.

અલતો૦ : પું. 'અળતો', 'સ્ત્રીઓના પ્રસાધનમાં વપરાતો લાલ રંગ.' 13-B. [सं. अरक्तकः > ~~अलक्त~~ अलक्तकः > प्रा. अलत्तउ > जू. गुज. अलतो — अळतो] 'અળતો' સ્ત્રીઓના હાથપગ રંગવામાં વપરાતો હતો. લાખમાંથી બનતો આ અળતો બંગાળામાં આજે પણ પગ રંગવામાં વપરાય છે.

અર્ધપાદાર્ધ : પું. 'એક પગે ઊભા રહી ઘૂમ ફરવાનો નાટ્રિક વિધિ.' 20-A.

અષ્ટાંગઇ : 'આઠ અંગ વડે.' 26-B. [અહીં આઠ અંગથી દંડવત્ પ્રણામ કરવાની ક્રિયા દર્શાવી છે. આ આઠ અંગ આ પ્રમાણે છે: બે હાથ, બે પગ, બે ઢીંચણ, છાતી અને માથું. (એમાં મન, વાણી અને દૃષ્ટિ પણ આવી જાય)]

અહેડી : પું. 'શિકારી'. 8-A [सं. आखेटिक > जू. गुज. आहेडी – अहेडी]

અંજન : નં. [સં.] 'આંજવાનો પદાર્થ', 'કાજળ', 'સુરમો'. 41-A. પંચદંડની વાર્તામાં અંજન દ્વારા સ્વરૂપાન્તર થયાનો પ્રસંગ મળે છે. વિદ્યાધરો (Holders of Magic Sciences) આવા સિદ્ધાંજનની વિદ્યા જાણતા હતા એવા લોકવાર્તાઓમાં ઉલ્લેખ મળે છે.

આખેટ : પું. 'શિકાર', 'મૃગયા'. 4-B. [सं. आखेट > प्रा. आहेड > जू. गुज. आखेट – आषेट – आहेड]

આમલાપ્રમાણ : અ. 'પુષ્કળ', 'ઘણું', 30-A. 'આમલાપ્રમાણ'નો શબ્દશઃ અર્થ કરીએ તો 'આમલીના વૃક્ષ જેવો ઊંચો ઢગલો થાય. પણ તેમાં 'અમલા = લક્ષ્મી' એ અર્થ લઈએ તો 'લક્ષ્મીએ પ્રસન્ન થઈ જે પ્રમાણ (માપ) માન્ય રાખ્યું તે' એવો અર્થ થાય. બન્ને વિકલ્પોમાં 'પુષ્કળ'નો અર્થ નિષ્પન્ન થાય છે.

ઈહાં : અ. 'અહીં'. 16-B [सं. अत्र > प्रा. एत्थ > अप. इत्थु > जू. गुज. इहाँ – इहां]

ઉગાહ : પું. 'ખણકાર', 'સાક્ષી'. 46-B. [सं. अव+गाह परथी प्राकृत– उग्गाह > मार. उगाह]

ઉચારન : હેત્વર્થ કૃદંત. 'બોલવાને' 29-A. [सं. उच्चार् परथी] જુઓ 'કહણ' 21-A. 'ડસણ' 30-A.

ઉછાહ	:	પું. 'ઉત્સાહ' 6-A [सं. उत्साह > प्रा. उच्छाह > जू. गुज. उछाह]
ઉણીએ	:	સ. 'એણીએ', 'એણે' 18-B [सं. एना > अप. एणाइ > जू. गुज. एणीए. मार. उणीए]
ઉણે	:	વિ. 'તે' 23-A. [सं. तेन > अप. एणा-एणाइ. जू. गुज. एणि-एणे. मार. उणे]
ઉવરે	:	અ. ક્રિ. વ. કા. ત્રી. પુ. એ. વ. 'બચે', 'બાકી રહે' 8-B. [सं. उद्+वृनुं रूप उद्वरति > प्रा. उव्वरइ > जू. गुज. उवरे—मार. उबरे]
ઉવા	:	વિ. 'એ' 14-B. [सं. एषा > अप. एहा-एहइ > जू. गुज. एहीँ— मार. उवा]
ઉહાં	:	ક્રિ. વિ. 'ત્યાં' 8-B. [सं. तत्र > प्रा. तहि—तहिं—तहियं > अप. तहिं > जू. गुज. त्यहां—तीहां. मार. उहां. हिं. वहां]
ઓતી	:	વિ. 'એટલી' 15-B. [सं. एतावत् > प्रा. एत्तिउ > जू. गुज. एती—एटली]
ઓલગાણો	:	પું. 'સેવક', 'નોકર', 'ભંગી' 25-A. [કન્નડ ऊलिग—ऊळिग પરથી, આપણે ત્યાં જૂની ગુજરાતીમાં આવેલો આ શબ્દ હજી ગ્રા. ગુજરાતીમાં 'ઓળગ-ઓરગ' (દેવની સેવા)ના રૂપમાં પ્રચલિત છે. 'ઊલગ' પરથી 'ઓલગ'= 'સેવા' અને 'ઓલગણો'—'ઓલગાણો'= 'સેવક' ઊતરી આવ્યા છે. 'ઓળગાણો'નું

મરાઠી રૂપ 'ઓળગણે' છે. 'ઊલિગ' શબ્દ 'દેશ્ય શબ્દ' તરીકે 'ઓલગ્ગા' અને પ્રાકૃતમાં 'ઓલગ્ગ' રૂપમાં મળે છે. તેનું સંસ્કૃત છાયારૂપ 'અવલગ્ગા' પણ પ્રાપ્ત થાય છે.

કન્નડ 'ઊલિગ' અને તેના પર્યાય શબ્દો જૂની ગુજરાતીમાં સારી રીતે વ્યાપી ગયા છે. પ્રાચીન સમયમાં, ગુજરાત અને કર્ણાટકના સાંસ્કૃતિક સંબંધો ધાર્મિક તેમ જ રાજકીય સંપર્કના કારણે વિકસ્યા હતા; તેના કારણે બન્ને ભાષાઓમાં શબ્દોની આપ-લે થઈ અને તેના પરિણામે કન્નડ 'ઊલિગ' આપણે ત્યાં આવ્યો. ('ઊલિગ' શબ્દ વિશે વધુ ચર્ચા માટે જુઓ 'શબ્દ અને અર્થ' પૃ. ૧૫૨; JOI, Vol. X-2, 1960)

કે : અ. ઉભયાન્વયી અવ્યય 'કે', 'અથવા'. 10-B. [फा. के] આ વિષયમાં જુઓ સ્વ. શ્રી. ન. ભો. દીવેટિયાની વિગતવાર ચર્ચા, 'ગુજરાતી ભાષા અને સાહિત્ય', ભાગ ૧.

કબલિ : સ્ત્રી. 'એક પ્રકારની ખાદ્યવાનગી'. 16-B - ગુજરાતના કેટલાક ભાગમાં, લગ્નપ્રસંગે વરરાજાને 'કલવો' જમાડવામાં આવે છે. મૂળ 'कवल' શબ્દમાં વર્ણવ્યત્યય થવાથી આ 'કલવો' શબ્દ આવ્યો હોય એમ જણાય છે. 'कबलि' આ શબ્દ 'कवल' માંથી ઉત્પન્ન થયો હોવો જોઈએ- कवल — कबलि — कलवो. 'કબલિ' ઘી ગોળમાં શેકેલા ઘઉંના લોટની સુખડી જેવી વાનગી હશે; કારણ કે લગ્નપ્રસંગના 'કલવા'માં ઘી, ગોળ અને ઘઉંના લોટનો ઉપયોગ કરવામાં આવે છે.

કબાડ્યા : વિ. 'કઢંગું,' 'ખરાબ'. 17-B. [सं. कर्बट > प्रा. कब्बड > जू. गुज. कबाड — कबाड्या.]
ઉત્તર ગુજરાતમાં આજે પણ કોઈ અણઘડ વસ્તુ કે કાર્યને તિરસ્કારમાં 'કબાડુ' કહેવામાં આવે છે.

કણે : સ. ત્રી. પુ. એ. વ. 'કોઈએ', 'કોણે'. 41-B. अ કારાંત નામોને ત્રીજી વિભક્તિ એ.વ.માં લાગતો 'એ' પ્રત્યય સ્વ. પ્રો. ક. પ્રા. ત્રિવેદીએ (ગૂ. વ્યા., ૧૩૧) सं. ०एन > प्रा. ०एण માંથી વ્યુત્પન્ન થયાનું જણાવ્યું છે; પણ પ્રો. કે. કા. શાસ્ત્રી ('ગુજરાતી ભાષાશાસ્ત્ર', ભાગ ૨, પૃ. ૩૫-૩૬) એ પ્રત્યય, एतद् – इदम् – अदस्‌ના વૈકલ્પિક રૂપ एन– ઉપરથી सं. एनेन > प्रा. एणेण > अप. एणँ – एणइँ માંથી ઊતરી આવ્યાનું દર્શાવે છે તે વધુ પ્રતીતિકર છે.

કયું : અ. ક્રિ. ભૂ. ૫. પુ. એ. વ. 'કહ્યું.' 14-A. [सं. कथित > प्रा. कहिय > जू. गुज. कहिअउ — कहिउ — कह्युँ — कयुं.]

કરાં : અ. ક્રિ. ભ. ત્રી. પુ. બ. વ. 'કરીશું'. 10-B. [सं. करिष्यन्ति > अप. करेसहिं — करेहिन्ति > जू. गुज. ~~करें~~ करेसइँ — करॉं — करां.]
દક્ષિણ ગુજરાતની કેટલીક બોલીઓમાં (ખાસ કરીને અનાવિલ જ્ઞાતિની બોલીમાં) 'હું ખાવા-જવા-આવા-કરાં' એવાં ભવિષ્યકાળ પહેલો પુરુષ એક વચનમાં રૂપો મળે છે.

કહણ : હેત્વર્થ કૃદંત. 'કહેવાનો'. 21-A.
સંસ્કૃત अन ભાવવાચક – ક્રિયાપદ અંગ સાથે જોડાતાં નામોને કોઈ વિશિષ્ટ અનુગ લાગી આ

નવીન કૃદંતરૂપ સધાયું છે. મધ્ય ગુજરાતીમાં સંસ્કૃત अन > અપ. अणा ધરાવતાં નામોનો સામાન્ય કૃદંત તરીકે ઉપયોગ અલ્પ પ્રમાણમાં હતો; જેમ કે <u>तेडणा</u> गया — તેડવા ગયા; <u>फाटणा</u> लागिउं — ફાટવા લાગ્યું; सिंहासणा मेल्हिउं बइसणा — બેસવા સિંહાસન મેલ્યું. (ડૉ. ટેસ્સિટોરી, § ૧૩૪). માર-વાડીમાં તો હેત્વર્થ કૃદંત આજે પણ વ્યાપક રીતે આ अणा- વાળા રૂપથી જ સધાય છે. ડૉ. ટેસ્સિટોરી તેને રાજસ્થાનીની લાક્ષણિકતા ગણે છે.

જુઓ '<u>ઉચ્ચારણ</u>' 29-A.

<u>°કા</u> :

'છઠ્ઠી વિભક્તિનો મારવાડી, મેવાડી, માળવી, હિન્દીમાં વિકસેલો પ્રત્યય.' 45-A.

સંસ્કૃતમાં कृते અવ્યયરૂપ સંબંધ-અર્થ બતાવે છે, જેમાંથી હિંદી 'का' સંબંધ-અર્થનો અને 'को' કર્મ-અર્થનો અનુગ વિકસ્યા છે. ડૉ. ટેસ્સિટોરી 'कउ' (कु) સંસ્કૃત कृतः માંથી ઊતરી આવ્યાનું જણાવે છે. (ડૉ. ટેસ્સિટોરી, § ૭૩) મધ્ય. ગુજ. માં પણ 'દેવકઇ પાટણિ' ('કાન્હડ૦, ૩૮, ૮૬), 'મોહકો મિટઇ' (ટેસ્સિટોરી, ઉપર્યુક્ત). સંસ્કૃત कृ ધાતુનાં રૂપમાંથી મરાઠી, સિંધી અને કચ્છીમાં છઠ્ઠી વિભક્તિના જે પ્રત્યયો વિકસ્યા છે, તેની ચર્ચા પ્રો. કે. કા. શાસ્ત્રી (ગુજરાતી ભાષાશાસ્ત્ર, ભાગ ૨, પૃ. ૫૦)એ આ પ્રમાણે આપી છે:

'આજે મરાઠીમાં જ વપરાતો <u>છઠ્ઠીના અર્થનો</u>

ચા અનુગ મધ્ય-ગુજ.માં મળે છે, नरसैंया-चा સ્વામી, मांडणा- चा प्रभु તો નરસૈં અને માંડણનાં પદોમાં વ્યાપક છે. 'પેથડરાસ'માં तुह्मचा पाय (પ્રા.ગુ.કા., પૃ.૨૮); ડૉ. ટેસ્સિટોરીને 'हूँ सेवूँ तुम-चा पाय' (ઈ ૭૩) એ એક મળ્યું છે. આના મૂળમાં પણ સં ધાતુનું कृत्य- રૂપ, પ્રા. °अच्च દ્વારા ઊતરી આવવાની શક્યતા છે. ડૉ. ટેસ્સિટોરી कृत्यक- સ્વીકારે છે. પ્રાકૃતમાં आम्हेच्चय (સિ.હે. ૪-૨-૧૪૯) પ્રયોજાયું છે. આમાંનો च्चय એ चउनुं મૂળ છે.

અહીં આપણે સિંધી અને કચ્છીમાંના जो (जा, जी) અનુગને પણ ભૂલી શકીએ નહિ. આના મૂળમાં, कृ ધાતુમાંથી જ મળેલો પેલો कार्य શબ્દ છે. सं. कार्य > प्रा. कज्ज- અને મધ્યમાં આવતા क्‌નો લોપ થયે °अज्ज; જ્યારે પંજાબીનો दा (दे, दी) सं. कृत > શૌર. किद- દ્વારા °इद > °अद થઈ મળવાની શક્યતા છે.'

કાકભાષા: સ્ત્રી. 'કાગડાની ભાષા'. 30-ft. 'યોગસૂત્ર'માં, યોગીઓને પશુપક્ષીની ભાષાનું જ્ઞાન હોવાનો ઉલ્લેખ મળે છે. પક્ષીઓની ભાષા માનવી સમજી શકે છે, એની ચર્ચા માટે જુઓ આ મહાનિબંધમાં પ્રકરણ ૪, 'વાર્તાઓનાં કારકતત્ત્વ' — 'બોલતાં પક્ષીઓ'; ચરણઅશ્રવણ-

કાઠ ખાતો નથી.: 'મરતો નથી', 'ચિતામાં પ્રવેશી બળી મરતો નથી': 26-ft. જુઓ '<u>મુખ કાઠ દેઈને ૧</u>' 29-ft. <u>છોકરી કાઠ લે છે</u>. 29-ft. જુઓ 'Lexicographical Studies in 'Jaina Sanskrit'' (JOI, Vol. X-2, 1960)-માં 'काष्ठभक्षण' — 'devouring oneself alive'; Lit: = being eaten away by wood.'

કાનન : પું. છઠ્ઠી વિભક્તિ 'કાનનાં'. 16-B. कन्हउ ઉપરથી નઉ અને कन्हइ ઉપરથી નઇ એ ચોથી વિભક્તિના પ્રત્યયો છઠ્ઠી અને બીજી વિભક્તિના અર્થમાં પણ જૂની ગુજરાતીમાં પ્રયોજાતા. અહીં 'ન' છઠ્ઠીના અર્થમાં પ્રયોજાયો છે, જ્યારે 'પરમેશ્વરન' (23-B) જેવાં પદમાં 'ન' બીજી વિભક્તિના પ્રત્યય તરીકે આવ્યો છે. જુઓ 'ચોરન'(41-B).

કિ : સ. 'કેવી રીતે' (પ્રશ્નાર્થ સર્વનામ). 2-A. [सं. कथं > प्रा. किं > अप. कि > जू. गुज. कि. गुज. के. म. कि. हिं. की, कि.]

કી : ક્રિ.અ. 'ક્યાં' 10-A. [सं. कुत्र > प्रा. कुत्थ > अप. कहिं > जू. गुज. किहां–कहां–की]

કીમ : ક્રિ.અ. 'કેમ' 14-B. [सं. किम]

કીહા : ક્રિ.અ. 'ક્યાં' 14-B. [सं. कुत्र > प्रा. कुत्थ > अप. कुत्थ केत्थु > जू. गुज. क्याहां–किहां–कीहा. मार. कठे. म. कुठे]

કુઢી : પું. 'જેને કોઢનો રોગ થયો છે તે.' 24-A. 26-B. 27-B. [सं. कुष्ठिन् > प्रा. कुट्ठि > जू. गुज. कोढी] જુઓ કુંડી 26-B. કોડી 24-A. 25-A. 25-B. 26-A. કોઢી 25-B. 26-A. 26-B.

કુંડલ : ન. 'કાનનું આભરણ' 12-B. [सं. कुण्डल]. 'વેલા', 'વીંટલા', 'વાળા', 'વાળી' જેવાં કાનનાં ઘરેણાં, કાનના ઉપરના ભાગમાં પહેરવામાં આવતાં, જ્યારે 'કુંડલ' કાનના નીચેના ભાગમાં પહેરાતાં આભરણ છે. આ સિવાય,

'અકૂટા', 'ઉગનિયા', 'ફડી', 'આલિ', 'ઓટી' આદિ કથાપ્રસંગો માટે જુઓ 'વણિક-સમુદ્રયાત્રા', ભાગ ૨, પૃ. ૫૮-૫૯.

કોટવાલ : પું. 'કોટનો — શહેર કે ગામનો બંદોબસ્ત રાખનાર અમલદાર', 'નગરરક્ષક'. 2-B [दे. कोट्ट+पाल > प्रा. कोट्टवाल > गुज. कोटवाल]

ખીરોદક : ન. 'એક જાતનું ધોળું રેશમી વસ્ત્ર'. 12-B. [सं. क्षीरोदक]

ખાપરો ચોર : પું. વિક્રમ-વિષયક વાર્તાઓમાં આવતો 'ખાપરો ચોર'. 42-A. ભારતીય સાહિત્યમાં, ચોરશાસ્ત્રના પ્રણેતા મનાતા મૂલદેવનાં સાહસોની વાર્તાઓ સાથે ખાપરા ચોરની વાર્તાઓ કેટલાક અંશે મળતી છે. 'કથાસરિત્સાગર'માં 'ઘટ અને કર્પર' એ બે ચોરની વાર્તામાં 'કર્પર' એ 'ખાપરિ' — 'ખાપરો' ચોર હોવાની છાપ પાડે છે. પ્રો. પેન્ઝરે, કર્પરની વાર્તાની પરંપરા મિસરની હોવાનું દર્શાવ્યું છે, તે બરાબર નથી. મૂલદેવની સાથે કર્પર-ખાપરિનું સામ્ય જોતાં, ખાપરો ચોર એ ભારતીય કથા-પરંપરાનું પાત્ર છે.

ખેત્રપાલ : પું. ક્ષેત્રદેવતા, ખેતરનો રક્ષક દેવ. 19-A. [सं. क्षेत्रपालक]

ગંછી : સ્ત્રી. 'ઘાસ ઝોડાની પળી'. 50-B. 63-A. 63-B. 'ગાંછિ' — 'ગાંછી'. 15-A. 17-A. 22-A. 30-A. 52-B. 62-B.

'ગાંછા' શબ્દ कीचक શબ્દમાંથી આ રીતે વ્યુત્પન્ન થયો છે: कीचक > काच्छिअ — गाछि — गाछी — गाछा — गंछा — गंछी. कीचक માંથી સમૃદ્ધ લીલા રંગનો વાચક किच्चअ > कच्च પણ મળે છે.

પ્રો. સિલ્વાં લેવીએ कीचक શબ્દના ભારતમાં થયેલ

આગમનનો સમય રામાયણ જેટલો પ્રાચીન દર્શાવ્યો[23] છે. कीचक મૂળ દક્ષિણ ચીનની વાંસની એક જાતનું નામ છે. એ વાંસનું નામ 'dachou' (ચૌ) છે, અને પ્રાચીન ચીનાઈ ભાષામાં તેનો 'tchōk' (cōk) એવો ઉચ્ચાર મળે છે. ઘણા ચીનાઈ શબ્દોમાં પદની પહેલાં પૂર્વગ 'Ki' (કી) લગાડવામાં આવે છે, તે પ્રમાણે Ki + dachōk = Kicōk શબ્દ બન્યો છે. આ Kicōk માંથી, 'રામાયણ', 'મહાભારત', 'બૃહત્કથાશ્લોકસંગ્રહ' અને 'કુમારસંભવ'-માં અનેક વાર યોજાયેલો कीचक શબ્દ આપણને તેના સંસ્કૃત લિબાસમાં મળે છે; પણ તે સંસ્કૃત નહિ, પ્રાચીન આર્યેતર શબ્દ છે.

આની વધુ ચર્ચા માટે જુઓ 'વંશકોશ' 14-B.

ગુસાઈ : પું. 'ધર્મગુરુ', 'સાધુ'. 3-B. [सं. गोस्वामिन्]. સરખાવો હિં. गोसाईं, पं. गुसाईं, म. गोसावी, गुज. गोसाँइ. 'પ્રાચીન ફાગુ-સંગ્રહ'માં આ શબ્દ 'ગુસાઈઉ'ના રૂપમાં મળે છે અને ત્યાં તેનો અર્થ 'સ્વામી', 'પતિ' થાય છે.

ગોહણો : 'દારેણો (મૂકવું, લેવું)'; 'ઓરમાં (લેવું, મૂકવું)'. 46-A. [देश्य – 'गाहणा' = ગીરો લેવું પરથી]

ગોઈ : સ્ત્રી. 'એક સુંદર સ્ત્રી'. 4-B + ગો 5-A. ગોઈ 5-A, 5-B. [सं. गोपी માંથી 'गोइ' શબ્દ આવ્યો હોય એવી સંભાવના છે.] 'ગોપી' એટલે 'ગોપ'ની સ્ત્રી. પણ એનો અર્થવિસ્તાર થતાં 'ગોપી' શબ્દ 'સુંદર સ્ત્રી'ના અર્થમાં

23. Levi, Sylvain, 'Ptolémée, Le Niddesa Et La Bṛhatkathā'; an article in French published in 'Études Asiatiques', Vol. XX, Part II, pp. 1-44.

અહીં પ્રયોજાયો હોય એમ જણાય છે.

આ સ્ત્રી નર્તકી હશે, એમ આ કૃતિના નીચેના અવતરણ પરથી જણાય છે:

"ત્યારે ગા[ગો]ટકે રાગસ્થ નરત કીધા." 5-B.

ગોટકો: સ્ત્રી. 'ગુટિકા', 'દવાની ગોળી' [સં. गुटिका]. 41-A.

પ્રાચીન સમયમાં, કાંકરા જેટલા કદના કોઈ પણ નાના આકારને 'ગુટિકા' નામથી ઓળખાવવામાં આવતો હશે; પણ સમય જતાં, આ શબ્દ ઔષધિની ગોળીના અર્થમાં વ્યાપક થયો. પ્રાચીન ભારતમાં, રસવિદ્યા (Alchemy) અને રસાયણશાસ્ત્ર (Chemistry) તેમજ વનસ્પતિજન્ય ઔષધિઓ દ્વારા જે અદ્ભુત પરિણામો નિપજાવી શકાતાં તેમાં અતિશયોક્તિનું આરોપણ થતાં, ગુટિકા દ્વારા સ્વરૂપપરિવર્તન, જાતિપરિવર્તન આદિનું નિરૂપણ કરતી વાર્તાઓ 'પંચદંડ', 'કથાસરિત્સાગર', 'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર' જેવા ગ્રન્થોમાં પ્રચલિત થઈ હોવી જોઈએ; અને તે રીતે 'ગુટિકા'માં અદ્ભુત અંશ પ્રવેશ્યો હશે.

ગોળી: સ્ત્રી. 'ગૂહલી', 'એક પ્રકારની તાન્ત્રિક આકૃતિ'. 19-A.

શિલ્પશાસ્ત્રની પરિભાષામાં, મન્દિરના મુખ્ય ઓરડાના ઓટાની નીચે જડેલા પથ્થરમાં સ્વસ્તિક જેવી પાડવામાં આવેલી આકૃતિને 'ગૂહલી' કહે છે. રાતા અથવા પીળા રંગના પથ્થરની બનેલી આવી આકૃતિ શુભ ગણાય છે, જ્યારે કાળા રંગના પથ્થરની આકૃતિ અશુભ ગણાય છે. આજે પણ જૈનોમાં, પૂજ્ય દેવની મૂર્તિ સમક્ષ અથવા તો કોઈ સૂરિ આવવાના હોય ત્યારે, ઘઉંના દાણાની બનેલી સ્વસ્તિક આકૃતિ પર ફળફળાદિ મૂકે છે. જૈન પરિભાષામાં તેને ગહુંલી - ઘઉંલી કહે છે. 'પંચદંડ'ની વાર્તામાં, તન્ત્રવિદ્યાના સંબંધમાં 'ગોલી' - 'ગોહલી' -

(21-A) શબ્દ વપરાયા છે અને તે રીતે તેનો અર્થ (અશુભ અર્થમાં) 'એક તાન્ત્રિક આકૃતિ' કરવો ઇષ્ટ થશે. [આની વિગતવાર ચર્ચા માટે જુઓ 'Lexicographical Studies in Jaina Sanskrit', JOI, Vol. IX, 3]

ચઉદ વિદ્યા: સ્ત્રી. પ્રાચીન ચૌદ વિદ્યાઓ — ચાર વેદ (ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ), છ વેદાંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ), ધર્મ, પુરાણ, ન્યાય ને મીમાંસા. 1-B.

ચતુર્દશી: સ્ત્રી. 'ચૌદશ'. 7-A. [सं. चतुर्दशी > प्रा. चउद्दसी > चउद्दसि > જૂ.ગુજ. चौदस – चौदश. हिं. चौदह – चौदस. म. चौदस.]

ચરીત્ર: ન. 'પાખંડ', 'કાવાદાવા', 'કપટ'. 18-B. [सं. चारित्र] સરખાવો, 'સ્ત્રીચરિત્ર'માં 'ચરિત્ર'નો અર્થ.

ચાકવો: સ.ક્રિ. 'ચાખવો'. 58-A. [सं. चष् > प्रा. चक्खव પરથી] 'શકુન ચાખવો' એ 'શકુન લેવા'ના અર્થમાં નવો જ પ્રયોગ છે.

ચિત્રસાલી: સ્ત્રી. 'જ્યાં ચિત્રો ગોઠવ્યાં હોય એવું દીવાનખાનું'. 10-A. [सं. चित्रशाला]. આચાર્ય વિ. એસ. આપ્ટેએ 'ચિત્રશાલા'નો અર્થ 'ચિત્રઘર ને ચિત્રો દોરવાનો ઓરડો' એવો આપ્યો છે. (જુઓ Prof. V. S. Apte's Sanskrit-English Dictionary') પાછળથી 'દીવાનખાનું' એવો એનો અર્થવિસ્તાર થયો હશે.

ચીર: ન. 'સ્ત્રીઓએ પહેરવાનું એક રેશમી વસ્ત્ર'. 12-B. [सं. चीर] પટોળાંની કોર, પાલવ તેમ જ સાદા પોતવાળાં વસ્ત્ર પણ 'ચીર'ને નામે ઓળખાતાં છે.

ચેલા : પું. 'વિદ્યાર્થીઓ,' 'શિષ્યો'. 14-B. [सं. चेटक > प्रा. चेडउ > अप. जू.गुज. चेलु. अ.गुज. चेलो – चेलको]

'चेटक' મૂળ 'છોકરા'ના અર્થમાં, અને પછી અર્થસંક્રમ થતાં 'દાસ', 'ગુલામ', 'નોકર' એ અર્થમાં પ્રયોજાવા લાગ્યો. 'બાવાનો ચેલો' એ અર્થમાં ને 'વિદ્યાર્થી' 'શિષ્ય'ના અર્થમાં વપરાવા લાગ્યો. અર્વાચીન ગુજરાતીમાં નાના છોકરાને 'ચેલકો' કહેવામાં આવે છે. ['चेटक'ની વધુ ચર્ચા માટે જુઓ 'શબ્દ અને અર્થ' પૃ. 32-33]

ચોરન : પું. બી.વિ.એ.વ. 'ચોરને'. 41-B. પ્રાચીન ગુજરાતીમાં કદી કદી યોજાતો 'નઇ-નિ-નૈ-ને' એ બીજી વિભક્તિનો પ્રત્યય 'ન'ના રૂપમાં પણ પદને લાગેલો મળે છે તેનું આ ઉદાહરણ છે. અર્વાચીન ગુજરાતીમાં આ પ્રત્યયનો લોપ થયો છે. 'વસન્તવિલાસ'માં આ પ્રત્યયલોપની પ્રક્રિયા દૃષ્ટિએ પડે છે; જુઓ, નીચેની કડીમાં 'સરસતિ':

પહિલઉં સરસતિ અરચિસુ રચિસુ વસંતવિલાસુ,
વીણિ ધરઇ કરિ દાહિણિ વાહણિ હંસલઉ જાસુ. 1

'ચોરન' જેવું જ બીજું રૂપ આ કૃતિમાં જુઓ 'પરમેશ્વરન' છે. (23-B).

ચોહટે : ન. સા.વિ.એ.વ. 'બજારમાં', 'ચૌટે'. 31-B [सं. चतुः चतुःहट्ट > प्रा. चउहट्ट > जू.गुज. चउहट – चोहट]

છડી : સ્ત્રી. 'રાજચિહ્ન તરીકે રાજા આગળ રખાતો દંડ'. 62-B. [सं. छत्रिका > अप. छत्तिय > छड्डिअ > जू.गुज. छडी.]

છલચ્યો : ભૂ.કૃ. 'છલક્યો', 'છળ્યો'. 19-A. [सं. छल् ક્રિયાપદનું छलित > छलिअ > जू. गुज. छल्युं – छळ्युं.]

છાંદો : પું. 'અનુકરણ', 'ખુશામત'. 25-A. [प्रा. छंदा—छन्दा] 'पाइअसद्दमहण्णवो'માં આ શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે: छंदा — दीक्षा का एक भेद; अपने या दूसरे के अभिप्राय-विशेष से किया हुआ संन्यास.

'છંદ'નો એક અર્થ 'વલણ' કે 'તરંગ' પણ થાય છે; તે પરથી ઉપયુક્ત અર્થ ઊતરી આવ્યા હોય એમ જણાવવા જોગ છે.

છેલ : પું. 'રસિક પુરુષ', 'ચતુર પુરુષ'. 15-B. [प्रा. छइल्ल—छइल्ल પરથી].

જગાતી : પું. [अ.] 'જકાત લેનાર'. 41-B. મૂળ અરબી શબ્દ 'જકાત'નો અર્થ દાન, ખેરાત (આવકનો અમુક ભાગ ધર્માદા કરવાની આજ્ઞા) થતો. તેમાંથી 'જકાત' = 'નાકાવેરો', 'દાણ' એવો અર્થ વ્યાપક બન્યો. 'જકાતી' = 'નાકાવેરો' અથવા 'દાણ લેનાર'.

જડીઆ : પું. 'હીરામાણેક વગેરે જડવાનું કામ કરનાર'. 9-B.

જાગ : સ્ત્રી. 'જગા', 'સ્થળ', 'ઠેકાણું'. 33-A. [फा. जायगाह]

જાહો : અ.ક્રિ. ; ભ.કા. ત્રી.પુ. બ.વ. 'જઈશું.' 8-B. [सं. या ધાતુનું यास्यान्ति > अप. जासहिं > जू. गुज. जाइसिइं — जासों — जाशुं — जाहो.]

જીનસ : સ્ત્રી. [अ. जिन्स] 'વસ્તુ', 'ચીજ'; (૨) 'માલ', 'સોદો'; (3) 'સિલક'; (૪) 'ઘરેણું'. 42-A. અર્વાચીન ગુજરાતીમાં 'જણસ'નો અર્થ 'ઘરેણું' રૂઢ થયેલો છે. તે સિવાય વેપારીઓ નામ નામાના ચોપડામાં બાકી સિલક દર્શાવવા 'શ્રીજણસ સિલક' લખે છે તેમાં 'જણસ' શબ્દ 'સિલક'ના અર્થમાં યોજાયો છે.

જુવાં : ન. 'જુગાર; દ્યૂત.' 15-B. [सं. द्यूत > प्रा. जूआ > जू. गुज. जुवा- जुवां]. જુઓ જુહા 16-B.

જોહરી : પું. 'ઝવેરી'; 'ઝવેરાતનો વેપારી.' 31-B. [अ. जौहर- (જવાહિર) > जौहरी - जोहरी] जौहरात = ઝવેરાત.

જેહરફલ : ન. 'ઝેરી ફળ.' 7-B. [फा. जहर + सं. फळ > जू. गुज. जेहरफळ — जेहरफळ - झेरफळ.]

જ્યારતાઈ : ક્રિ.વિ. 'જ્યાં સુધી.' 1-B. [सं. यत्र + वार + जूनी गुजरातीनो प्रत्यय 'ताइ']
જુઓ 'ત્યારતાઈ' 2-A. 'અત્યારતાઈ' 19-B.

ટંકા : પું. 'ચલણનો મુખ્ય સિક્કો.' 47-B. [सं. टंक]. આના પરથી 'ટકો', 'ટંકશાળ' જેવા શબ્દ થયા છે. આજની ગણનામાં 'ટકા' એટલે સો જ ગણાય છે. 'ટંકશાળ' = સિક્કા પાડવાનું કારખાનું.

ટીપારે : પું. '[illegible]વાળા સાપ પૂરી રાખવા વપરાતો વાંસનો કરંડિયો.' 23-A. જુઓ ટીપારામાંહે 23-A.

ડંડેરો : પું. 'ઢંઢેરો', 'દાંડી પિટાવવી.' 41-B. થાળી કે ઢોલ પર દંડો મારતાં, લોકોનું ધ્યાન ખેંચાય તે જ પ્રમાણે થાળી કે ઢોલ વગાડનાર લોકોની જાણ માટે જે જાહેરાત કરે તે ઢંઢેરો. આજે પણ કસ્બાની સુધરાઈઓ, આવા ઢંઢેરા દ્વારા લોકોમાં જાહેરનામાની જાણ કરે છે. આ શબ્દના મૂળમાં 'દંડ' કે 'ડંડ' શબ્દ હોય અને 'ડંડેરો' માંનો 'ડ' ધ્વનિપ્રક્રિયા દ્વારા 'ઢ' થયો હોય એ શક્ય છે. 'દાંડિયો' શબ્દ તેમજ નર્મદનું 'દાંડિયો' સામયિક પણ આ જ શબ્દનો [illegible] હતો.

ડોકરો : સ્ત્રી. 'ડોસાઓ' 32-B. [[illegible]] જુઓ 'ડોકરા' 32-B.

ત : ક્રિ.અ. 'ત્યાં', 13-A. [સં. तत्र > प्रा. तहि — तहिं — तहियं > अप. तहिं > जू. गुज. त्यहाँ — तीहाँ — तहाँ — त.]

તમરા : સં. ભૂ.પુ.બ.વ. 'તમારા', 38-B. આ શબ્દમાંનો 'રા' પ્રત્યય મારવાડી, માળવી અને મેવાડીમાં મળે છે; તેનાં બીજાં રૂપ 'રો', 'રી', 'રું' છે. આ કૃતિમાં 'થારે' (12-A), (26-A), થારા (35-B) એ છઠ્ઠીના પ્રત્યયની અસરથી બનેલાં મારવાડીનાં રૂપ છે. આજે પણ મારવાડીમાં, મોરો- મોરી- મોરું, તોરો- તોરી- તોરું જેવાં રૂપ પ્રચલિત છે.

ડૉ. ટેસ્સિટોરી આ મારવાડી ચોથી અને છઠ્ઠી વિભક્તિના પ્રત્યય 'રો', 'રી', 'રું'ની વ્યુત્પત્તિ, સં. कार्यकः > अप. केरउ > जू. गुज. केरउ એ ક્રમમાં સાધવાના મતના છે (§ 73). હેમચન્દ્રાચાર્યે પણ 'केरउ' પ્રત્યયની નોંધ કરેલી છે. (સિ. હે., ૪/૪૨૨, ૨૦). બંગાળીમાં एर અનુગ- ને જોતાં, આદિ कના મધ્ય દશાના લોપે, એ સંગત થઈ પડે છે અને તુલસીદાસે 'રામચરિતમાનસ'માં कपिकेर વચન, सबकर --- फल (બૂ. વ્યા., ૧૩૪) એમ कर છઠ્ઠીનો અર્થ આપવા પ્રયોજેલ હોઈ, ઉડિયાનાં अर અનુગનો વિકાસ સમજાઈ જાય છે.

પ્રાકૃતમાં अम्ह-केर, तुम्ह-केर રૂપો મળે છે. અપભ્રંશમાં म्हार-, तुहार-, अम्हार-, तुम्हार- એ રૂપ પ્રયોજાયેલાં મળે છે. केरના મૂળમાં कार्य હોવાની શક્યતા ડૉ. ટેસ્સિટોરીએ આપી છે (§ 73). આના સંબંધે, अरને લાવવા સં. कृ ધાતુનું कर જેવું કોઈ રૂપ ઉપયોગમાં આવતું હશે. મરાઠીમાં કેટલાક અટકોના અંતે कर આવે છે: देवकर, वाडेकर ઇ. આદિ. અપભ્રંશમાં मह+कर-, तुह+कर-, अम्ह+कर-, तुम्ह+कर-, મળતાં રૂપમાંથી

મધ્ય સ્થિતિના कुना લોપે, म्हार-, लुहार-, अम्हार-, तुम्हार- રૂપો મળે. कर માંથી अर વ્યુત્પન્ન થાય, તેજ રીતે 'केरउ', 'केरइ' માંથી 'રો', 'રી', 'રુ' એ મારવાડી પ્રત્યયોની વ્યુત્પત્તિ દર્શાવી શકાય.

પ્રાચીન ગુજરાતીમાં પ્રાપ્ત થતા, ચોથી અને છઠ્ઠી વિભક્તિના પ્રત્યય रहइं, ह्रइं, ह्रउं ને, શ્રી. મધુસૂદન મોદી ('ગૂર્જરરાસાવલી', પૃ. ૨૮૩) એ આ રીતે વ્યુત્પન્ન થતા દર્શાવ્યા છે: '---- Periodically, gen. - old. term. हं+केरइं < ह+एरइं — हरइं — रहइं (by metathesis).

<u>તાજણા</u>: પું. 'સાટકો'; 'ચાબુક'. 40-B. [फा. ताजियानह].

<u>તુમને</u>: સ. 'તમને'. 19-B. [अप. तुम्ह+ ચોથી અને છઠ્ઠી વિભક્તિના અર્થમાં પ્રયોજાતો જૂની ગુજરાતીનો 'नइ' પ્રત્યય = तुम्हनइ → तुमने]. મારવાડીમાં અને વ્રજમાં આ 'ने' પ્રત્યય આ રીતે પ્રયોજાતો વારંવાર જોવામાં આવે છે.

<u>તૈબ</u>: ક્રિ. વિ. 'ત્યારે' (સમય દર્શાવનારું ક્રિયાવિશેષણ અવ્યય). 2-A. જુઓ <u>તબ</u> 3-B. [सं. तावत् > प्रा. ताव > अप. तव्वे > बं. तबे. हिं. तब. गुज. तव]

<u>તો</u>: સ. 'તારી'. 18-B. [सं. तव]

<u>ત્યાગ માંડવો</u>: અ. ક્રિ. પ્ર. ગી. ગુ. શો. પ. 'દાન કરવું'; 'ધાન્યાદિ અન્ન-વસ્ત્ર આપવાં'; 'સદાવ્રત માંડવું'. 32-B.

ગુજરાતીમાં 'ત્યાગ માંડવો' એ નવો જ પ્રયોગ છે. મારવાડીમાં કદાચ તે પ્રચલિત હોય. જુઓ <u>ત્યાગ દેવા લાગ્યા</u>. 32-B.

ત્યારતાઈ : ક્રિ.વિ. 'ત્યાં સુધી'. 2-A. [સં. तत्र + तार + જૂની ગુજરાતીનો પ્રત્યય 'થઈ']. જુઓ 'જ્યારતાઈ' 1-B. 'અત્યારતાઈ' 19-B.

થો : સ.ક્રિ.ભૂ.કા.પુ.એ.વ. 'હતો'. 8-A., 14-B, 16-B, થા 8-B. સં. भू ધાતુના કોઈ રૂપમાંથી આ મારવાડીમાં ભૂતકાળીનાં રૂપ 'થો' 'થા' 'થી' આવ્યાં છે. ડૉ. ટેસિટોરીએ સં. ~~भवन्तक~~ भवन्तक: > अप. होन्तउ-हुंतउ-हुन्तउ-हतउ રૂપ આપ્યાં છે; તેમાંથી ગુજરાતીમાં 'હતો', 'હતી', 'હતું' રૂપ આવ્યાં છે. અને મારવાડીમાં આદિ 'હ'ના લોપે અને 'ત'નો 'થ' થતાં, 'થો', 'થુ', 'થા', 'થી' રૂપ પ્રચલિત થયાં હોય એવો સંભવ છે. 'ત'નો 'થ' થવાની ધ્વનિપ્રક્રિયા 'તારો' — 'થારો' એ શબ્દોમાં જણાય છે.

દસો : પું. 'દેશવટો'. 33-B. અહીં, 'દેશ દીધો' એટલે 'પરદેશ દીધો' એ અર્થ સમજાય છે. 'દેસો' માંથી 'દસો' ~~આ~~ આવ્યો હોય એવી સંભાવના છે.

દામ : પું. 'પૈસા'; 'નાણું'. 46-B. જુઓ દમડા 46-A.

શેરશાહ અને અકબરના સમયમાં 'દામ' તાંબાનો સિક્કો હતો. 'દામ'નો ચોથો ભાગ 'દમડો' ને આઠમો ભાગ 'દમડી' કહેવાતો. સાર્થ જોડણીકોશ; 'દમડી'નો અર્થ 'પૈસાનો ચોથો ભાગ' એવો આપે છે.

'દામ'નું પ્રાચીન ભારતીય રૂપ 'દ્રમ્મ' છે. 'દ્રમ્મ' નામના રૂપાના સિક્કા નવમીથી તે તેરમી સદી સુધી ઉત્તર ભારતમાં વપરાશમાં હતા. 'દ્રમ્મ' શબ્દ સંસ્કૃત નથી, પણ પ્રાચીન ગ્રીક લોકોના એક માનના રૂપાના સિક્કા 'દ્રખ્મ' પરથી ઊતરી આવેલો છે. આ ગ્રીક 'દ્રખ્મ' ~~પ્રાચીન ઈરાનમાં સાસાની યુગ સુધી પ્રચારમાં હતો~~

સાસાની પ્રભાવ નીચે આવેલી કેટલીક જાતિઓ ભારતમાં આવી ને સાથે 'દમ્મા' કે 'દામ'નું ચલણ પણ લેતી આવી. આમ આપણા ઘરના જ લાગતા 'દામ' ને 'દમડી' આપણને બે હજાર વરસથી યે વધારે જૂના સમયના ગ્રીક લોકો સાથે સાંકળી દે છે.

<u>દાયજો–અષ્ટ પ્રકારનો</u>: પું. 'લગ્ન વખતે વરવહુને અપાતું દ્રવ્ય.' 27-B.
[प्रा. दाइज्जय > हिं. दायजा. अ. गुज. दायजो.]

લગ્ન વખતે રાજાઓ કુંવરીને હાથી, ઘોડા, ઊંટ, રથ, વસ્ત્ર, અલંકાર, સેવક-સેવિકાઓ, સૈન્ય આદિ દાયજામાં આપતા; તે પરથી 'અષ્ટ પ્રકારના દાયજા'ની રીત પ્રચલિત થઈ હોય એમ સંભવે છે.

<u>દીનાર</u>: પું. ઈસવી સનની શરૂઆતમાં, રોમન લોકોમાં 'દેનારિયસ' (denarius) નામે સોનાનો સિક્કો ચલણી હતો. 'દેનારિયસ'નું ભારતીય રૂપ તે 'દીનાર'. ઈરાન, અરબસ્તાન, ઇજિપ્ત વગેરે પશ્ચિમ એશિયાના દેશોમાં પણ એ રોમન સિક્કો 'દીનાર' નામે પ્રચલિત થયો હતો. ઈસવી સનની પહેલીથી તે અગિયારમી શતાબ્દી સુધી તે આપણા દેશમાં ચલણ હતો; કુષાણ અને ગુપ્ત અમલ દરમ્યાન સોનાના દીનારનું ચલણ હતું. મધ્ય યુગમાં તે આપણે ત્યાંથી પ્રચારમાંથી નીકળી ગયેલો, ને પછી મુસ્લિમોએ તે ફરી દાખલ કરેલો. સોનાના સિક્કા માટે 'સૌ 'સોનૈયો', 'સોનામહોર', 'અશરફી' અને 'ગીની'ની જેમ પહેલાંના ભારતીય સાહિત્યમાં 'દીનાર' શબ્દ મળે છે.

<u>દુચાતી</u>: વિ. 'બે ચિંતાવાળી'; 'ગભરાયેલી'. 30-B. [सं. द्वि + चिन्ता > प्रा. दु + चिन्ता > मार. दुचित्ती > दुचाती]

<u>દુણા</u>: વિ. 'બમણા'; 'બેવડું'. 46-B. [सं. द्वि + गुणा > प्रा. दिउणा > हिं. दुना. मार. दुणा.]

દુહાઇ : સ્ત્રી. 'આશિષ', 'દુવા' [अर. दुआ > गुज. दुवा. मार. दुहाइ]

દેસાં : સા.ક્રિ. ભ.ત્રી.પુ.બ.વ. 'આપીશું' 8-B-[સં. दा ધાતુનું ભવિષ્યકાળ, ત્રી.પુ.બ.વ. दास्यन्ति > अप. देसहिं > जू.गुज देसिइं. मार. देसां.]

દેહું : સા.ક્રિ. ભ.પ્ર.પુ.એ.વ. 'આપીશ' 23-A. [सं. दास्यामि > अप. देसामि > जू. गुज. देसइ — देहुं]

દોહી: વિ. 'બન્નેય' 29-B. [सं. द्वौ > अप. दो > मार. दो. > जू. गुज. बे] 'દો'+'હી'; 'હી' એ ભારવાચક અવ્યય છે.

ધવલગ્રહ : પું. 'મહેલ' 20-B. [सं. धवलगृह]. મોનિયર વિલિયમ્સે 'ધવલગૃહ'નો અર્થ 'સફેદ રંગથી રંગેલો ઘરનો ઉપલો માળ', એવો આપ્યો છે.

ધીકાંઇ : સ્ત્રી. 'ચિતા', 'ધીકણી' 29-A. [सं. धिक्ष् = પેટાવવું, સળગાવવું પરથી]

નગરગોયારે: પું. 'નગરનો દરવાજો' 44-A. [सं. नगर + गोपुर > प्रा. गोउर > जू. गुज. मार. गोयर]. 'ગોપુર' = 'દરવાજો'.

નફર : પું. [अर०] 'ચાકર', 'ગુલામ' 44-B. જાણીતો ગુજરાતી પ્રયોગ 'નોકર નફર'.

નરત : ન. 'નૃત્ય' 5-B. [सं. नृत्य]

નહી છે : સા.ક્રિ. ત્રી.પુ.એ.વ. 'નથી' [सं. न + अस्ति = नास्ति] ક્રિયાપદમાં આને મળતાં રૂપ દક્ષિણ ગુજરાતની કેટલીક બોલીઓમાં જોવા મળે છે. દા.ત. 'છે નથી'.

નાગલોક: પું. 'એક પ્રાક્-ઐતિહાસિક ભારતીય આર્યેતર પ્રજા.' 51-B
ભારતની પ્રાચીન આર્યેતર જાતિઓ પૈકીની નાગજાતિ એક છે. પુરાણોમાં દર્શાવ્યા પ્રમાણે બંગાળા અને આસામ-ના પાતાલપ્રદેશ તરીકે ઓળખાતા પ્રદેશમાં તેઓ રહેતા હતા. તેઓ અનેક વિદ્યાઓના જાણકાર હતા તેથી વિદ્યાધરો તરીકે પણ ઓળખાતા. ઇજનેરી વિદ્યામાં તેઓ નિષ્ણાત હતા એવા ઉલ્લેખ મળે છે. 'નાગલોક' વિશે વધુ ચર્ચા માટે જુઓ આ મહાનિબંધમાં પ્રકરણ ૫, 'પંચદંડની વાર્તા'.

નાટચર્યા: સ્ત્રી. 'છૂપી રીતે યુક્તિથી નગરલોકની ચર્ચા જોવી.' 15-B. [સં. नाटचर्या]. સંસ્કૃત તેમ જ પ્રાકૃત શબ્દકોશોમાં 'નાટ'-નો અર્થ 'યુક્તિ' મળતો નથી. 'સાર્થ જોડણીકોશ' એ અર્થ આપે છે. અંગકસરત આદિના આજના સરકસ જેવા ખેલ કરનાર 'નાટકિયા' (યુક્તિબાજ) કહેવાતા, તે 'નાટચર્યા'ના અર્થમાં બંધ બેસે છે. 'રાંડો રોતી-નાટકિયા' પ્રબન્ધ જેવી જૂની ગુજરાતીની રચનામાં 'નાટ' શબ્દ આ અર્થમાં વપરાયેલો મળે છે.

આચાર્ય વિ. એસ. આપ્ટેના 'સંસ્કૃત-અંગ્રેજી' શબ્દકોશમાં, नट्નો એક અર્થ 'To injure (by deceptive trick)' આપેલો છે, તે 'નાટચર્યા'ના અર્થઘટનમાં કંઈક અંશે મળતો છે.

નિસાણ: ન. 'નિશાન', 'ડંકો', 'ઊંટ પરની નોબત.' 16-B.
[फ़ा. निशाण परथी]

નુતરું: ન. 'નોતરું', 'નિમંત્રણ'. 19-B. [सं. निमंत्रणम् > नोतरुं-नुतरुं].

નેહ ચુકો: અ. ક્રિ. ભૂ. ત્રી. પુ. એ. વ. 'નિશાન ચૂક્યો'. 38-A. [दे. णेम > म. नेम. गुज. नेम-नेह] દેશ્ય 'णेम' સંસ્કૃત નિયમ પરથી આવ્યો હોય એ બનવાજોગ છે.

પછે : ક્રિ. અવિ. 'પછી', 10-A. [સં. पश्चात् > प्रा. पच्छाअ > जू. गुज. पछे — पछइ — पाछि — पछै].

પટોળા૦ : નં. 'રેશમી વસ્ત્રનો એક પ્રકાર'. 37-A. [સં. पट्ट + कूल > पट्टउल > पटोळुं]

પટોળું પાટણમાં સાળવીઓ વણે છે. તે ગુજરાતની વિશિષ્ટ વસ્ત્રબનાવટ છે. તેને વણતાં પહેલાં તેના તાણો અને વાણો બાંધીને રંગવામાં આવે છે. આવી રીતે ભાત પાડ્યા પછી તેને વણવામાં આવે છે. ગુજરાતમાં, કાળા, ધોળા, પીળા અને લીલા રંગની ભાતવાળાં પટોળાં વણાતાં હતાં. એના રંગ એટલા પાકા હતા કે, વસ્ત્ર ફાટે પણ તેની ભાત જાય નહિ. તેના પરથી, 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' એ લોકોક્તિ પ્રચલિત થઈ. 'પટોળા' વિષે વિસ્તૃત ચર્ચા માટે જુઓ 'વર્ણક-સમુચ્ચય' ભાગ ૨, પૃ.-31.

પણિહાર : સ્ત્રી. 'પાણિયારી', 'પાણી ભરનારી'. 17-B. [સં. पानीय + हारी > प्रा. पाणिअहारी > हिं. पनिहारी. मार. पणीहार. गुज. पणियारी.]

પરકાયાપ્રવેશમંત્ર : પું. 'પર કાયામાં પ્રવેશ કરવા માટેનો મંત્ર'. 6-A.
'કાયાપ્રવેશમંત્ર 2-A; પરકાયાપ્રવેસમંત્ર 6-B.

'યોગદર્શન'માં જે આઠ મહાસિદ્ધિ ગણાવેલી છે તે પૈકીની 'પરકાયાપ્રવેશ' એક છે. સમય જતાં, આ મહાસિદ્ધિ સિદ્ધયોગીઓની પરંપરામાં 'સિદ્ધવિદ્યાઓ' પૈકીની એક ગણાવા લાગી. તેઓમાં તે 'અદ્ભુત વિદ્યા' તરીકે ઓળખાવા લાગી. વાતસાહિત્યમાં, 'પરકાયાપ્રવેશ'ના કથાઘટક દ્વારા અતિશયોક્તિભરી વાર્તાઓ રચાઈ છે. 'પરકાયાપ્રવેશ'ની પ્રક્રિયાને પતંજલિએ 'યોગસૂત્ર'માં 'પરશરીરાવેશ', મેરુતુંગ જેવાએ 'પ્રબન્ધ~~ચિંતામણિમાં~~

'પરપુરપ્રવેશ' અને 'કથાસરિત્સાગર'માં 'દેહાન્તરાવેશ' જેવા 'અન્યદેહપ્રવેશપ્રયોગ' નામથી ઓળખાતો છે.

<u>પરા</u> : અ. 'દૂર', 'પાછું', 30-B [સંસ્કૃતમાં परा પૂર્વગનો અર્થ 'દૂર', 'પાછું' એવો થાય છે. તેના દ્વારા બનાવેલા શબ્દો 'पराङ्मुख', 'पराजित' આદિ મળે છે.

<u>પશુભાષા</u> : સ્ત્રી. 'પશુઓની ભાષા'. 30-A.
સિદ્ધયોગીઓમાં પશુઓની ભાષા સમજવાની શક્તિ હતી; તે પરથી વાર્તાસાહિત્યમાં પશુપક્ષીઓની ભાષાની સમજણ ગૂંથવાયેલા કોયડા ઉકેલાતા જતા, એવા અનેક પ્રસંગોનાં વર્ણન મળે છે.

<u>પંચદંડછત્ર</u> : ન. 'પાંચ દંડ વડે બનેલું છત્ર'. 14-B [सं. पञ्चदण्ड-छत्र]. પ્રાચીન સમયમાં, રાજાને સહાય કરનાર, રાજ્યના અંગરૂપ અધિકારીઓ હતા તે रत्न કહેવાતા. આથી રાજા ભોજ અને વિક્રમના દરબારો 'નવરત્ન દરબાર' નામે મળ્યું છે તે આ જ અર્થમાં. 'रत्न' શબ્દ જૈન પુરાણોમાં 'दण्ड'માં રૂપાંતર પામ્યો; અને ચક્રવર્તીને ચક્રવર્તિપદ પ્રાપ્ત કરવામાં સહાય કરનાર અધિકારીઓ જૈનપુરાણોમાં रत्नदण्ड — वज्रदण्ड, चामररत्न એ રીતે ઓળખાવા લાગ્યા. 'પંચદંડ'ની વાર્તામાં 'દંડ' બે અર્થમાં યોજાયો છે: ૧. વિક્રમને છત્ર (ચક્રવર્તિપદ) પ્રાપ્ત કરવામાં સહાય કરનાર રાજ્યનાં પાંચ અંગ. 'પંચ' એ 'પંચદિવ્યાધિવાસ' (ગજ, અશ્વ, છત્ર, ચામર, કળશ) દર્શાવે છે. ૨. જાદુઈ દંડ — સિદ્ધવિદ્યાના પ્રતીકરૂપ પાંચ દંડ.

<u>પાટણ</u> : ન. 'નગર'. 43-B [सं. पत्तन > प्रा. पट्टण > जू.गुज. पाटण].

પાતાલલોક: પું. 'પાતાલજગત'. 52-A. સમુદ્રની જે સામાન્ય સપાટી પર પ્રદેશો આવેલા છે તેનાથી નીચા ભાગમાં આવેલા, પૂર્વબંગાળ અને તેની આજુબાજુના પ્રદેશને આપણા પુરાણો માં 'પાતાલલોક' કહ્યો છે. આની વિગતવાર ચર્ચા માટે જુઓ આ મહાનિબંધમાં પ્રકરણ ૫, 'પંચદંડની પરંપરા'.

પાસાથી: ક્રિ.વિ. 'પાસેથી'. 10-A. [सं. पार्श्वे + स्थितक: > अप. पासि + थियउ > जू.गुज. पासिथी–पासाथी]

પાહે: ના.અ. 'પાસે'. 5-B. સાતમી વિભક્તિ એકવચનનો પ્રત્યય. [सं. पार्श्वस्मिन् (पार्श्वे) > प्रा. पासम्मि > अप. पासहिं जू.गुज. पासि–पासइ–पासइँ–पाहिं–पाहें–पाहे. ग्राम. गुज. पांहे].

પિતાહ: પું. છઠ્ઠી વિભક્તિ એ.વ. 'પિતાનો' 26-A. છઠ્ઠીનો 'હ' પ્રત્યય, सं. स्य > प्रा. स्स > अप. स्सु > जू.गुज. ह એ રીતે વ્યુત્પન્ન થયો છે.

પીહર: ન. 'સ્ત્રીનાં માબાપનું ઘર'; 'પિયર'. 43-B. [सं. पितृगृह > प्रा. पियहर > गुज. पियर]

પૂતળી: સ્ત્રી. 'બત્રીશ પૂતળીની વાર્તા' અથવા 'સિંહાસનબત્રીશી'માં સિંહાસન પરની બોલતી પૂતળી. 52-B. [सं. पुत्र > प्रा. पुत्त + લઘુતા અને લાડવાચક પ્રત્યયો 'લ'+'ય' > पुत्तलिय > पुत्तलिया > पूतळी]

'સિંહાસનબત્રીશી'માં દળદરના પૂતળાની વાત આવે છે તેનો ઉલ્લેખ કરી, ડૉ. ભાયાણી ('કુમાર', ડીસેમ્બર ૧૯૬૦, શબ્દકથા: 'પૂતળા') એ 'પૂતળા' શબ્દની ચર્ચા આ પ્રમાણે કરી છે:

'આ વાતમાં દળદરના પૂતળા માટે સંસ્કૃતમાં

'હરિદપુત્રક' એવો શબ્દ છે. 'પુત્રક' એટલે 'પૂતળું'. 'પુત્ર' 'પુત્ર' એટલે 'દીકરો'; તેને લઘુતા, લાડ વગેરે ભાવ સૂચવતો 'ક' પ્રત્યય લાગ્યો. નાની છોકરી ઢીંગલા સાથે તેને બાબો —પુત્રક— ગણીને રમે છે ને! 'પુત્ર' ઉપરથી પ્રાકૃતમાં 'પુત્ત' થાય છે તેને 'લ' ને 'ય' એ લઘુતા અને લાડના વાચક પ્રત્યયો લાગતાં, 'પુત્તલય' ને સ્ત્રી હોય તો 'પુત્તલિયા' થાય. પછી ગુજરાતીમાં 'પૂતળું' કે 'પૂતળી' અર્થ ઢીંગલા ઉપરાંત કોઈ પણ મનુષ્ય કે નારીરૂપ માટી વગેરેની આકૃતિ. 'પુત્તલિયા'ને અરધાંપરધાં સંસ્કૃતમાં રંગ આપીને 'પુત્તલિકા', 'પુત્તલી' શબ્દ બનેલા છે. ત્રિશંકુની જેમ એ સંસ્કૃત અને પ્રાકૃતની વચ્ચે લટકતા ગણાય?

કાષ્ઠની બોલતી પૂતળીનું કથાઘટક બાલસાહિત્યમાં ઘણું પ્રાચીન અને વ્યાપક છે.

<u>પેદડ</u>: સ. 'પગપાળું'; 'પગે'. 19-A. [सं. पाद+दळ > पाअदळ पोअदळ > पायदळ > पेदड]

<u>પોહાલ</u>: સ્ત્રી. 'પરસાળ'. 18-A. [सं. पृथु+शाला > जू. गुज. प्रोहाळ – पोहाळ – परसाळ]

<u>પ્રસ્થાવ</u>: પું. 'પ્રસંગ', 'તક', 'લાગ'. 38-A. 38-B. [सं. प्रस्ताव]

<u>પ્રોહણ</u>: ન. 'વહાણ'. [सं. प्रवहणम्]

<u>ફોસરી</u>: વિ. 'ઢીલી', 'નબળી'. 55-B. ગુજરાતમાં, લોકબોલીમાં 'ફૂશ', 'ફૂસ', 'ફોશી' આદિ શબ્દો વપરાશમાં છે. 'ફોસરી' દેશ્ય શબ્દ લાગે છે.

<u>બાટ</u>: પું. 'બેટ'. 41-A. 'ચારે બાજુથી પાણીથી વિંટળાયેલ જમીન; દ્વીપ.

બીડલાઇ : સ્ત્રી. 'બિલાડી'. 21-B-[सं. बिडालिका > प्रा. बिडालिआ – बिडाली > जू. गुज. अ. गुज. बिलाडी (वर्णव्यत्ययथी)].

જુહારે : સ.ક્રિ. વ.ત્રી.પુ.એ.વ. 'વારે છે', 'સાફ કરે છે'. 14-B. [सं. वारयति > प्रा. वारेइ > जू. गुज. वारइ – वारि- वारे. मार. जुहारइ]

ભગવતી : સ્ત્રી. 'દેવી', 'દુર્ગા', 'લક્ષ્મી', 'કોઈ પણ પૂજ્ય સ્ત્રી'. 24-A. [सं. भगवती > प्रा. भगवइ > जू. गुज. भगवी]

ભૂમંડલ : ન. 'આખી પૃથ્વી'. 10-B. [सं. भूमण्डल]

ભુંહરાં : ન. 'જમીનમાં કરેલું ઘર'. 43-B. [सं. भूमि+गृह > प्रा. भुंइ+हर > गुज. भुंहरुं – भोंयरुं]

ભૈરવ : પું. 'ભૈરવી નામની સિદ્ધવિદ્યાનો જાણકાર'. 15-B. આપણા વાર્તાસાહિત્યમાં 'ભૈરવ'ને વિરોધનાયક તરીકે ઓળખાવવામાં આવે છે, પણ 'કથાસરિત્સાગર' – (ટોનીનો અનુવાદ, વૉ. ૯, પૃ. 13-૪૫) માં એક કરતાં વધારે ભૈરવના ઉલ્લેખ મળે છે. 'વસુદેવ-હિંડી'માં 'ભૈરવી વિદ્યા'નો ઉલ્લેખ મળે છે, તે પરથી ભૈરવ ભૈરવી-વિદ્યાનો જાણકાર હોવો જોઈએ. શક્ય છે કે 'બહુરૂપિણી'માંથી 'ભૈરવી' શબ્દ ઊતરી આવ્યો હોય. તો ભૈરવીવિદ્યા વડે અનેક રૂપ ધારણ કરી શકાતાં હોય એમ સંભવે. બહુરૂપિણી વિદ્યાનો ઉલ્લેખ 'વસુદેવ-હિંડી', 'સૂત્રકૃતાંગ', 'સ્થાનાંગ', 'મહાનિશીથ', 'પઉમચરિય' (વિમલસૂરિકૃત) આદિ ગ્રન્થોમાં મળે છે.

મણિ: પું. એક કિંમતી રત્ન. 9-B. મણિ અલંકાર અને સુશોભન માટે પ્રાચીન સમયથી વપરાય છે. મણિના ઘણા પ્રકાર છે: નીલમણિ, ચન્દ્રકાન્ત, ઇન્દ્રનીલ, જલકાન્ત, જ્વરહર, વિષહર, મરકત, મસારગલ્લ, સૂર્યકાન્ત, સ્ફટિક, પુષ્પરાગ, વૈડૂર્ય વગેરે.

પ્રાચીન ભારતમાં, મણિનો ઉપયોગ અલંકાર તરીકે થતો તેમ જ ઔષધિ તરીકે ઝેર, રોગ આદિ દૂર કરવામાં થતો. 'પંચદંડ'માંના 'વિષહરદંડ'ની કથામાં આવા કોઈ 'વિષહરમણિ'ના વાસ્તવિક ઉપયોગમાંથી વિકસી હોય એ શક્ય છે.

મહા સં. 'મોટું' 26-A. [सं. महत्]

માઉણો: ન. 'મનુષ્ય'. 18-A. [सं. मानुष > अप. माणुह > (વ્યત્યયથી) माहुण > माउण]

માડણી: વિ. 'માંદણી', 'ચોરણી'. 17-B. [फा. मांदे परथी]

માડો: વિ. 'મોટો'. 55-B.

માણિક: ન. 'લાલ રંગનું રત્ન'. 9-B.

માણિક એ પદ્મરાગરત્ન, પદ્મરાગ, પદ્મરાગ-પટલ, માણિક વગેરે નામે ઓળખાય છે. અંગ્રેજીમાં તેને Ruby કહે છે. નીલમ અને માણિક બંને કોરન્ડમ નામના એક જ પ્રકારના ખનિજ છે. પણ નીલમનો રંગ આછો ભૂરો કે ઘેરો વાદળી જેવો હોય છે, જ્યારે માણિકનો રંગ લાલ હોય છે.

માણી: સ્ત્રી. 'ચાર મણનું તોલ'. 43-A. [सं. माणिका]

મીચ્ચુ: ન. 'મૃત્યુ'. 21-A. [सं. मृत्यु > प्रा. मच्चु - मिच्चु > मार. मिच.]

મોલાળ: પું. 'મેલાળ', 'મુકામ', 'પડાવ', 25-B. [સં. मुच् > प्रा. मिल्ल > अ. गुज. मेल्हवुं પરથી 'મેલાળ' શબ્દ ઊતરી આવ્યો છે.]

મુવાલ: પું. 'વાળ', 5-B. સં. बाल એ 'મુવાળ' માંના 'વાળ' શબ્દનું મૂળ દર્શાવે છે. મરાઠીમાં અને ગુજરાતની કેટલીક લોકબોલીઓમાં 'મોવાળા' શબ્દ વપરાય છે. એમ સંભવે છે કે, 'વાળ' એ મનુષ્ય કે પ્રાણીના દેહના કોઈ પણ ભાગના વાળ માટે યોજાતો શબ્દ હોય, પણ 'મુવાલ'—'મોવાળ' ખાસ કરીને માથા પર ઊગતા વાળ માટે વપરાતો હશે. તે સં. मुख + बाल > प्रा. मुह + बाल > जू. गुज. म्होवाळ-मोवाळ-मुवाळ, એ રીતે વ્યુત્પન્ન થયો હશે.

મુસું: ક્રિ. 'મને', 'મારી સાથે', 2-A. [सं. मह्यम् + सहितम् > महु + सहिअँ — सहुँ > जू. गुज. मूँ + सिउँ — मुसुं]

'सहितम्' એ ગૌણ વિભક્તિનો અનુગ છે. ડૉ. ટેસિટોરી, પિશલ (પા. ૨૦૬) ને અને સિ.હે. ૪-૪૧૯ (ગ) ને સહારે સં. साकम् માંથી सिउँ અનુગ વ્યુત્પન્ન કરવા પ્રેરાય છે; પણ પ્રો. કે.કા. શાસ્ત્રી (ઉપર્યુક્ત, પૃ. ૩૫) એ તો 'सहितम्' માંથી વ્યુત્પન્ન કરે છે. તેઓની માન્યતાને ડૉ. ટી. એન. દવે (A Study of the Gujarati Language in the 16th Century, p. 192) નો ટેકો છે.

મુસ્યો: અ.ક્રિ. ભૂ.કા. પુ. એ.વ. 'લૂટ્યું', 41-B [सं. मुष्]

મૃત્યક: ન. 'મડદું', 'મૃતદેહ', 17-B. [સં. ~~मृत्यक:~~ માં मृतक: માં વચ્ચે 'ય'ના પ્રક્ષેપથી]. જુઓ મડા 17-B. [सं. मृतक: > मिच्चयउ > जू. गुज. मडु — मडदु].

મોલ : ન. 'મૂલ્ય', 'કિંમત'. 47-A. [सं. मूल्य > प्रा. मुल्ल > जू. गुज. मोल.]

મોહોર : સ્ત્રી. 'સોનાનો સિક્કો', 'સોનામહોર'. 45-B.

યા : વિ. 'એ'. 14-B. [सं. एषा > एहा-एहइ > जू. गुज. एहाँ-एइ. मार. यी-या-यो.]

યો : વિ. 'એ'. 1-B. [सं. एष > अप. एह > जू. गुज. एह-ए-ओ. मार. यो]

ય્યા : ક્રિ.વિ. 'અહીં'. 22-B. [सं. अत्र > अप. ईहँ-इह > जू. गुज. ह्याँ-याँ-य्या.]

રસડા : પું. 'રસ્સો', 'દોરડું'. 42-B. [सं. रश्मि > रस्सि > हिं. म. रसी.] 'રસ્સો' + લઘુતાવાચક 'ડા' = 'રસડા'. સરખાવો: 'દોર' + લઘુતાવાચક 'ડું' = 'દોરડું'.

રા : પું. 'રાજા'. 1-B. [सं. राजा > प्रा. राआ > अप. राअ (जूनी गुजरातीमां 'य' श्रुतिना प्रवेशे 'राय') > जू. गुज रा.]
સૌરાષ્ટ્રના સાહિત્યમાં, 'રાજા' માટે 'રા' શબ્દ વારંવાર યોજાયેલો મળે છે. દા.ત. રા'ખેંગાર, રા'માંડળિક.

રુઠાં : અ.ક્રિ. ભૂ.કા. પુ. સ્ત્રી. બ.વ. 'રૂઠયાં', 'ગુસ્સે થયાં'. 12-A. [सं. रुष्ट > प्रा. रुट्ठ > जू. गुज. रुठ्याँ-रुठाँ.]

રુધિરસ્નાન : ન. 'લોહી વડે સ્નાન કરવું'. 12-A. 'દોહદ' કથાઘટકમાં સગર્ભા સ્ત્રીઓની અભિલાષા પૂરી કરવા, જે જે વાર્તાઓ લોકસાહિત્યમાં પ્રચલિત થઈ છે તેમાંની રુધિરસ્નાનની વાર્તા એક છે.

લુંચી : સં.કૃ. 'તોડી', 'ચૂંટી'. 5-A. [सं. लुञ्च् परथी] જેમ પરિભાષામાં, સાધુઓને દીક્ષા આપવાના પ્રસંગ, માથાના વાળ

ઉતારી લેવામાં આવે છે, તેને 'વાળ લોચવા' એમ કહે છે. અહીં પોપટની પાંખ તોડવી (સામાન્ય રીતે કોઈ પણ પ્રાણી, પક્ષી કે વસ્તુનું કોઈ અંગ તોડવું એ અર્થમાં વ્યાપક બનતાં) એ અર્થ થાય છે.

લોડાભાઈ: પું. 'નાનો ભાઈ' 63-A. [सं. लघुक > प्रा. लहुअ > लहुउ — (સ્વાર્થિક 'डा' પ્રત્યય લાગતાં) लहुडडा-लोडा]

લોમસ: પું. 'એક જાતિ'; 'પુષ્કળ મોટા લોમ(વાળ)વાળું' 62-A [सं. लोमश].

વસ્તુ: સ્ત્રી. 'વસ્તુ', 'પદાર્થ', 'ચીજ', 42-B [सं. वस्तु].

વંશફોડ: પું. 'વાંસમાંથી ટોપલી આદિ જુદી જુદી વસ્તુઓ બનાવનાર' 14-B. 'પંચદંડ'ની સંસ્કૃત અને જૂની ગુજરાતીની કૃતિઓ મળે છે તેનું આ ભાષાંતર છે. 'પંચદંડ'ની વાતમાં દાની અને દેવદમની ગાહડા જાતિમાં થયાં છે. 'ગાહડા' શબ્દ પ્રાચીન દક્ષિણ ભારતની વાંસની એક જાત 'कीचक' પરથી આવ્યો જણાય છે. સંસ્કૃતમાં 'कीचक' શબ્દ એક પોલા વાંસની જાત, એ રીતે જાણીતો છે. ગુજરાતીમાં સમૃદ્ધ લીલોતરીના પ્રતીક તરીકે 'कच्च' શબ્દ વપરાય છે. શક્ય છે કે, વાંસની લીલોતરીએ 'कच्च'માં સમૃદ્ધ લીલા રંગનું આરોપણ કર્યું હોય. આમ, 'વાંસફોડા' સાથે સંબંધ ધરાવતા ત્રણ અર્થેતર શબ્દો 'कीचक', 'कच्च', 'गाहडा' ભારતીય ભાષાઓમાં વ્યાપક થયા છે.

આની વધુ ચર્ચા માટે જુઓ, આ મહાનિબંધના પ્રકરણ ૫, 'પંચદંડની પરંપરા'માં 'ગાહડાજાતિ-વિષયક નોંધ', તેમ જ જુઓ 'ગાહડા' શબ્દની ચર્ચા.

<u>વાણિયો</u> : પું. 'વાણિયો', 'વેપારી'. 32-B. [सं. वणिक > प्रा. वाणिअ - वाणि > जू. गुज. वाणियो - वाण्यो]

વૈદિક કાળમાં, વહાણવટામાં અને વહાણવેપારમાં કુશળ 'पणि' જાતિ સાથે 'वणिक' જાતિનો સંબંધ છે કે કેમ તે એક સંશોધનક્ષમ મુદ્દો છે.

<u>વાહાર</u> : સ્ત્રી. 'વહાર', 'મદદ', 'સહાય'. 18-B. [सं. व्याहृ > प्रा. वाहर]. જુઓ <u>વાહર</u> 18-B.

<u>વાસાજ</u> : ન. 'વાજિંત્ર', 'વાદ્યસાજ'. 47-A. [सं. वाद्यसाज > प्रा. वायसाज > मार. वासाज.]

<u>વિદ્યારેખા</u> : સ્ત્રી. 'વ્યક્તિના નસીબમાં વિદ્યા છે એ દર્શાવનાર, હાથ પરની રેખા તે વિદ્યારેખા.' 17-B.

<u>વિખે</u> : અ. 'વિષે', 'માં'. 18-A. [सं. विषये]

<u>વિષકન્યા</u> : સ્ત્રી. 'જેના દેહમાં વિષ વ્યાપેલું છે તેવી કન્યા'; 'પોતાનું ધાર્યું કરનાર કાબેલ સ્ત્રી'; 'કુલનો વિનાશ કરનાર કન્યા'. 27-B. ~~પ્રાચીન~~

પ્રાચીન સમયમાં, રાજ શત્રુનો નાશ કરવા, બાળપણથી વિષ ખવડાવીને ઉછેરેલી — જેનાં અંગાંગ વિષમય થઈ ગયાં છે — વિષકન્યાઓનો ઉપયોગ કરતા. 'મુદ્રારાક્ષસ'ના 'પરિશિષ્ટપર્વ'માં વિષકન્યા દ્વારા કેટલીક વ્યક્તિઓનાં મરણ નિપજાવ્યાનાં દૃષ્ટાન્ત મળે છે. આ દૃષ્ટાન્તો ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ. સ. પૂર્વે ત્રીજી શતાબ્દી)ના સમયનાં છે. એમ કહેવાય છે કે ગુજરાતના સુલતાન મહંમદ બેગડાને, વિષપ્રયોગથી શત્રુઓ તેનો નાશ ન કરી શકે માટે, બાળપણથી જ વિષ ખવડાવીને ઉછેરવામાં આવ્યો હતો.

સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે, દેહ પરનાં અમુક ચિહ્નો ધરાવતી કન્યાને 'વિષકન્યા' કહેવામાં આવે છે. આવી વિષકન્યા કુટુંબમાં હોય તો કુટુંબનો નાશ થાય છે.

'વિષકન્યા' વિશે વિસ્તૃત ચર્ચા માટે જુઓ 'Poison-Damsels' by N. M. Penzer.

વીછડ્યો: પું. 'વિયોગ પામેલો', 'જુદો પડેલો': 18-A. [સં. વિક્ષોભિત: > પ્રા. વિચ્છોહિઅ > જૂ.ગુજ. વિછોહ્યો – વિછોયો – વિછાડ્યો – વીછડ્યો].

વૈતાલ: પું. 'વેતાલી સિદ્ધવિદ્યાનો જાણકાર': 15-B. વિક્રમ-વિષયક વાર્તાઓમાં વેતાલ વિક્રમના સહાયક તરીકે સુપરિચિત છે. 'વેતાલ-પચીસી'ની વાર્તાઓમાં મળે છે તે પ્રમાણે મૃતદેહમાં પ્રવેશ કરવો, મૃતદેહ સજીવન હોય તે પ્રમાણે વર્તવું અને પ્રસંગ આવ્યે મૃતદેહમાંથી નીકળી જવું – આ પ્રમાણેની શક્તિ ધરાવતી વિદ્યા એ 'વેતાલી વિદ્યા' હોવાની શક્યતા છે. વિક્રમનો સહાયક વેતાલ એ આવી વેતાલી-વિદ્યાનો જાણકાર હોવો જોઈએ. વિક્રમના સાથી વેતાલનું નામ અગ્નિશિખ – અગ્નિયો વેતાલ છે, જ્યારે અગ્નિય વેતાલ સિવાય, ચમરશિખ, ધૂમકેતુ આદિ વેતાલોના ઉલ્લેખ 'કથાસરિત્સાગર' (ટોનીનો અનુવાદ, વો. ૯, પૃ. 13-૪૧) માં મળે છે. 'વેતાલી', 'ભૈરવી' આદિ વિદ્યાઓના જાણકારને 'વિદ્યાધર', 'સિદ્ધયોગી' વગેરે નામોથી પણ ઓળખવામાં આવે છે. વેતાલી વિદ્યાની પરંપરા ગુણાઢ્યકૃત 'બૃહત્કથા' કરતાં યે પ્રાચીન હોવાની શક્યતા છે.

વ્યવહારા: પું. 'વહેવારિયો', 'વેપારી': 47-B. [સં. વ્યવહારક:]. સંસ્કૃતમાં, 'વ્યાપાર' શબ્દનો અર્થ 'વાણિજ્ય' નહિ પણ 'પ્રવૃત્તિ'? માલ વેચવા-સાટવાની પ્રવૃત્તિ માટે સંસ્કૃતમાં ~~'વ્યવહાર' શબ્દ છે.~~ ઈ.વ. વિ+અવ+હૃ ક્રિયાથી 'વ્યવહાર'નું

‘વેવાર’ થયું અને તે જ સામ્યથી ‘વ્યાપાર’નું ‘વેપાર’ થયું, અને ‘વેપાર’માં ‘વ્યાપાર’નો મૂળ અર્થ બદલાઈ વેચવા-સાટવાની પ્રવૃત્તિ, એ અર્થ પ્રવેશ્યો.

મુસલમાનોની એક જાતિ ‘વહોરા’–‘વોરા’ છે. હિંદુઓમાં (ખાસ કરીને) નાગરોમાં આ અટક મળે છે. આ ‘વહોરા’–‘વોરા’ના મૂળમાં પણ સં. ‘વ્યવહારક’ એટલે ‘વેપારી’, ‘વહેવારિયો’ શબ્દ છે. તેનો ઓડિયા શબ્દ ~~શબ્દ~~ ‘વ્યોહરા’ છે, જેનો અર્થ થાય છે, ‘ધીરધારનો ધંધો કરનાર’; અને ‘વહોરવું’ એટલે ‘ખરીદ કરવું’, ‘સંઘરવું’ અને જૈનોમાં ‘ભિક્ષામાં લેવું’ એવો થાય છે. આના પરથી જૈનવિધિમાં ‘વહોરતિયો’ એટલે ‘જતિ’ શબ્દ પ્રચલિત થયો છે.

[આની વિગતવાર ચર્ચા માટે જુઓ ડૉ. હરિવલ્લભ ભાયાણીનો લેખ, ‘શબ્દકથા – ‘વેપાર’-‘વહોરો’; ‘કુમાર’ ફેબ્રુ. ૧૯૬૧ના અંકમાં પ્રસિદ્ધ.]

શ્રાવણિકો ધ્રોચ્યો: ન. ‘ચાંપળો’ કે ‘તિલક’નું વૃક્ષ. 28-B. [सं. श्रीमत् ‘ચાંપળા’ કે ‘તિલક’ના વૃક્ષ માટેના વિશેષણ તરીકે પ્રયોજાય છે.].

ષોડસસિંગાર: પું. ‘સ્ત્રીએ સજવાના સોળ ~~સિંગાર~~ શણગાર.’ 10-A. આ સોળ શણગાર નીચે પ્રમાણે છે:

તેલમર્દન, સ્નાન, વસ્ત્રપરિધાન, કેશગૂંફન, અંજન, સેંથે સિંદૂર, પગે અળતો લગાવવો, ભાલપર ચાંલ્લો, હડપચી પર ટીંટળું, મેંદીથી હાથ રંગવા, અલંકાર ધારણ કરવા, પુષ્પહાર ધારણ કરવો, પાન ખાવું, હોઠ રંગવા અને કાને કમળ લગાવવાં.

શકુનવી: પું. ‘જોશી’, ‘ભવિષ્ય જોનાર’, ‘શકુન જોનાર’; ‘શુભાશુભ ચિહ્ન જોનાર’. [सं.] शाकुनिक[ ]. सं. शकुन = पक्षी.

સં. શકુનમ્ = પક્ષીઓનાં ઉડ્ડાન, અવાજ આદિ પરથી શુભાશુભ ચિહ્ન જાણવાં તે. આથી શાકુનિક એટલે 'શુભાશુભ ચિહ્ન જોનાર' એવો અર્થ અહીં પ્રાપ્ત થયો છે.

સનહો: ક્રિ. 'ચિહ્ન', 'ઉલ્લાસ' 23-A. [सं. सन्नभाव]

સબ્દભેદી: વિ. 'અવાજને આધારે ધાર્યું બાણ મારનાર' 24-A. [सं. शब्दभिद्].

સરાઈ: અ. ક્રિ. ભૂ. કા. પુ. બ. વ. 'યાદ કર્યાં' 10-B. સરાઇ 10-B [सं. स्मृ > प्रा. सर > अप. सर > जू. गुज. सराई-सराइ]

સામુદ્રલખ્યણ: ન. 'દેહ પરનાં ચિહ્ન પરથી નક્કી થતાં લક્ષણ' 10-A. [सामुद्र + लक्षण].

સાવકર્ણ: વિ. 'કાળા કાનવાળા' 31-A. [श्याम + कर्ण > हिं सॉवकर्ण > जू. गुज. मार. सावकर्ण]

સાહણ: પું. 'શાહ', 'વાણિયો' 33-B. [सं. साधु > साहउ > साह], 'સાહ' + માનવાચક 'ણ' = સાહણ

સાહી: હે. કૃ. 'ઝાલીને', 'પકડીને' 8-A. સાહ 8-B. [सं. साध् > प्रा. साह > जू. गुज. સાહવું.

સીલાવટ: પું. 'શિલાવટ', 'પથ્થર ઘડનાર શિલ્પી', 'સલાટ' 55-B. [सं. शिलापट > प्रा. सिलावट પરથી]

સીંહા: પું. 'સિંહ' 13-A. [सं. सिंह]

કેટલાક ક્ષત્રિય જ્ઞાતિઓનાં વિશેષનામ પાછળ 'સિંહ' શબ્દ લાગે છે, તેનું રૂપાંતર 'સીંહા'-'સીંગ'

'ગાંગ' એ રીતે થયેલું જોવામાં આવે છે.

'હ'નો 'ઘ' થવાની પ્રક્રિયા नहुष—नघुष, बाहुक—बाघुअ—बाघो, सिंहासन—सींघासण આદિ શબ્દોમાં મળે છે.

<u>સુકડ</u> : સ્ત્રી. 'એક પ્રકારના ચંદનના ઝાડનું સુગંધદાર લાકડું' 45-A. જુઓ '<u>સુકિડ</u>' 45-B. [सं. शुष्क > प्रा. सुक्क + સ્વાર્થિક 'ડ'] તે 'સુખડ', 'સુકડ' કે 'સૂકડિ' નામથી પણ ઓળખાય છે.

<u>સુવો</u> : પું. 'પોપટ'. 4-B. 9-A. 9-B. 10-A. 10-B. A11-A. [सं. शुक > प्रा. सुअ > जू. गुज. सुवो—सवो—सुहो] 'सुअ' + સ્વાર્થિક 'ડો' પ્રત્યય લાગતાં 'સુડો' થયું છે. જુઓ <u>સુવા</u> 6-A. 8-B. 14-A. <u>સુવા</u> 63-B. 64-A. 61-B. 65-A. <u>સુડો</u> 11-B, 14-B. <u>સુહા</u> 8-A. 64-A.

<u>સુહલી</u> : સ્ત્રી. 'ઘીગોળમાં ઘઉંનો લોટ શેકી બનાવેલી ખાદ્ય-વાનગી'. 16-A.

<u>સેટ</u> : પું. 'શેઠ'. 47-B. [सं. श्रेष्ठिन् > प्रा. सेट्ठी > जू.गुज. शेठ. मार. सेट.]

મદ્રાસ તરફ 'શેટ્ટી', 'ચેટ્ટી', 'ચેટિયાર' શબ્દો મળે છે તેના મૂળમાં सं. श्रेष्ठिन् શબ્દ છે.

<u>સોડપાલખી</u> : સ્ત્રી. 'ક્રીડા માટેની શય્યા'. 18-A.

<u>સોની</u> : પું. 'સોનારૂપાના દાગ ઘડનાર'. 7-B. [सं. सौवर्णिक > प्रा. सोवण्णिअ — सोअन्निअ > गुज. सोनी.

<u>૦પેં</u> : અ. 'સાથે, વડે'. 16-A. જુઓ <u>પેં</u> 16-A. सं. सहितम् માંથી વ્યુત્પન્ન થયેલો આ જૂની ગુજરાતીનો પ્રત્યય

	(બીજી વિભક્તિનો) છે. તેનાં જુદાં જુદાં રૂપ सिउँ – स्यूँ – सूँ – शुं – सै – सैं એવા મળે છે.
<u>૦સાં</u> :	છઠ્ઠી વિભક્તિના અપભ્રંશના स्सु, सु, हे, हो, ह, हं પ્રત્યયો રૂપાન્તરે જૂની ગુજરાતીમાં ઊતરી આવ્યા છે. તેમાં स्सनुं स्सा થઈ, તેનું सा રૂપ થયેલું છે. અહીં છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય બીજી વિભક્તિના અર્થમાં પ્રયોજાયો છે. 18-B.
<u>સ્યાલ</u> :	પું. 'શિયાળ': 30-B. [सं. शृगाल > प्रा. सिआल हिं. स्यालु. मार. स्याल. हि. स्याल. म. सियालु]
<u>સ્વા</u> :	વિ. 'સૌ': 17-B. [सं. सर्व > प्रा. सव्व > अप. सउ > जू. गुज. मार. स्वा]
<u>હવણાં</u> :	ક્રિ.વિ. 'હમણાં': 18-A. [सं. अधुना > प्रा. अहुणा, जू. गुज. हउणा – हवणां – हवडां – हिवडां].
<u>હસારથ</u> :	સ્ત્રી. 'હાસ્યાસ્પદ સ્થિતિ': 47-A. [सं. हास्यार्थ પરથી] આ શબ્દ જૂની ગુજરાતીના સાહિત્યમાં અન્યત્ર પણ સુપ્રચલિત છે.
<u>હસે</u> :	અ.ક્રિ. ભ.કા. ત્રી.પુ. એ.વ. 'થશે': 17-A. [सं. भविष्यति > अप. होसइ > जू. गुज. होसि – होसे – हसे]
<u>હીંગલાટ</u> :	પું. 'હીંચકો', 'હીંડોળો': 20-B.
<u>હીરા (લાલ)</u> :	પું. 'કીમતી રત્ન': 9-B. હીરાની ગણના કીમતી રત્નોમાં થાય છે. તે કાર્બનનું એક સ્વરૂપ છે અને અંગ્રેજીમાં તેને 'Diamond' કહે છે. તે જગતમાં જાણીતો સૌથી સખત પદાર્થ છે.

હથિયાર 'વજ્ર' એ હીરાજડિત હશે, જેના વડે પર્વતો-માં શિખર તોડી શકતો હશે. એમ જાણવા મળે છે કે અર્વાચીન શોધોના પરિણામે, ગજવેલના લોખંડ-(steel)માં હથિયાર અસ્તિત્વમાં આવ્યાં ન હતાં, ત્યારે ઇજનેરો હીરાજડિત હથિયારોથી પથ્થર તોડતા. 'વસુદેવ-હિંડી', 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર', અને 'પંચદંડ'ની કૃતિઓમાં જે વજ્રદંડ, દંડરત્ન, રત્નદંડ આદિના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તે ઉપર્યુક્ત ઇજનેરોનાં હથિયાર હોઈ શકે.

હોઇહો : અ.ક્રિ. ભ.ત્રી.પુ.એ.વ. 'હશે' 10-A. [सं. भविष्यति > अप. होसइ – हुसइ – हुसिइ – होसि > जू. गुज. होसे – हसे – होइहे – होइहो]

હોઅ : અ.ક્રિ. વ.ત્રી.પુ. એ.વ. 'હોઈ', 'હોય' 7-B. [सं. भवति > अप. होइ – हुइ > जू. गुज. होइ – हुइ – होए – होऐ]

હુવો : અ.ક્રિ. ભૂ.ત્રી.પુ. એ.વ. 'થયો' 3-B. [सं. भवतु > अप. होउ – हुउ > जू. गुज. हुवो]

ઉપર્યુક્ત, ભાગ ૨, વાર્તા ૭ થી ૧૫; પ્રકાશક:
ઉપર પ્રમાણે; ૧૯૨૬

૬. જિનવિજયજી, મુનિ (સંપાદિત):
'પ્રાચીન ગૂજરાતી ગદ્યસંદર્ભ'; ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૦.

૭. 'જોડણીકોશ' (સાર્થ ગુજરાતી); નવજીવન પ્રકાશન-મંદિર, અમદાવાદ; ચોથી આવૃત્તિ, ૧૯૪૯.

૮. જોશી, ઉમાશંકર:
'લોકસાહિત્યમાળા', મણકો પહેલો; લોકસાહિત્ય પ્રકાશનસમિતિ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૫૭
'પુરાણોમાં ગુજરાત'; ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૪૬.

૯. ઠાકોર, બ. ક. (સંપાદિત):
'અંબડ વિદ્યાધર રાસ', મેસર્સ એન. એમ. ત્રિપાઠી, મુંબઈ; પ્રથમ આવૃત્તિ, ૧૯૫૩.
'વિક્રમચરિત્ર રાસ', મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૩.

૧૦. ત્રિવેદી, નવલરામ જ.:
'શામળનું વાર્તાસાહિત્ય'; ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૪૯.

૧૧. દેસાઈ, મોહનલાલ દ.:
'જૈન ગુર્જર કવિઓ', ભાગ ૧, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફિસ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૬.

'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૨, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફિસ, મુંબઈ, પ્રથમાવૃત્તિ, ૧૯૩૧
" " " ભાગ ૩, ખંડ ૧લો, " " ૧૯૪૪
" " " ભાગ ૩, ખંડ ૨જો, " " ૧૯૪૪
'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પ્રકાશક- કર્તા પોતે, મુંબઈ, ૧૯૩૩.

૧૨. ધ્રુવ, આનંદશંકર:
'હિન્દુ વેદધર્મ', પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા; પ્રથમ આવૃત્તિનું પુનર્મુદ્રણ, ૧૯૬૦

૧૩. પટેલ, ભાગારદાસ ઈ.:
'ગંગારામ', પ્રકાશક- કર્તા પોતે; 'બાલવિનોદ ગ્રન્થમાળા'માં પ્રસિદ્ધ, ૧૯૩૪.

૧૪. પાઠક, રામનારાયણ વિ.:
'સાહિત્યવિમર્શ', પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા; બીજી આવૃત્તિ, ૧૯૫૯.

૧૫. પારેખ, હીરાલાલ ત્રિ.:
'કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ', ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૦

૧૬. 'બુદ્ધિપ્રકાશ', પુસ્તક ૭૯, ૧૯૩૧.

૧૭. ભગવતસિંહજી:
'ભગવદ્ગોમંડલ કોશ', ભાગ ૧-૯, ગોંડલ, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૪-૧૯૫૫.

૧૮. ભટ્ટ, કવિ શામળ:
'સુડા બહોતેરી', પ્રકાશક: મગનલાલ મનસુખરામ, સત્યોદય પ્રેસ, અમદાવાદ; (પ્રકાશનવર્ષ આપેલું નથી, પણ ૧૯મી સદીનો ઉત્તરાર્ધ હશે.)

૧૯. ભાયાણી, હરિવલ્લભ ચુ. :
'વાગ્વ્યાપાર', ભારતીય વિદ્યાભવન, મુંબઈ, પ્રથમાવૃત્તિ ૧૯૫૪.

૨૦. 'સિંહાસનબત્રીસી' (શામળકૃત), ભારતીય વિદ્યાભવન, મુંબઈ, પ્રથમાવૃત્તિ, ૧૯૫૪.

૨૦. મજમુદાર, મંજુલાલ ર. અને શાહ, ન્હાનાલાલ ના. (સંપાદિત):
'પંચદંડ' (શામળકૃત) અને બીજાં કાવ્યો', એમ. સી. કોઠારી, વડોદરા, ૧૯૨૯.

૨૧. 'માધવાનલ-કામકંદલા પ્રબન્ધ', પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા, ૧૯૪૨.

૨૧. મહેતા, રણજિતરામ વાવાભાઈ (સંપાદિત) :
'વિક્રમપ્રબન્ધ' (રાજધર વિરચિત), 'બુદ્ધિપ્રકાશ', પુસ્તક ૫૭, ઈ.સ. ૧૯૦૯-૧૦માં પ્રસિદ્ધ.

૨૨. મેઘાણી, ઝવેરચંદ (સંપાદિત):
'કંકાવટી', ભાગ પહેલો, ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, સાતમી આવૃત્તિ, ૧૯૪૭
'કંકાવટી', ભાગ બીજો, પ્રકાશક : ઉપર પ્રમાણે, છઠ્ઠી આવૃત્તિ, ૧૯૫૮

૨૩. મોદી, મધુસૂદન ચિ. અને ભાભ (સંપાદિત):
'ગુર્જર રાસાવલી', પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૬.

૨૪. રાવલ, શંકરપ્રસાદ છ. (સંપાદિત):
'પંચદંડની વાર્તા' (નરપતિ-રચિત); શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૪.
'હંસાવતી વિક્રમચરિત્ર વિવાહ' (કવિ મધુસૂદન વ્યાસકૃત), પ્રકાશક : ઉપર પ્રમાણે; પ્રથમ આવૃત્તિ, ૧૯૩૫.

૨૫. વ્યાસ, કાન્તિલાલ બળદેવરામ (સંપાદિત):
'વસંત વિલાસ', મેસર્સ એન. એમ. ત્રિપાઠી, મુંબઈ, બીજી આવૃત્તિ, ૧૯૫૭.

૨૬. શાસ્ત્રી, કેશવરામ કા.
'ગુજરાતી ભાષાશાસ્ત્ર' ભાગ ૨, પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૦.
'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી', ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૩૯.
'નલાખ્યાન' (ભાલણકૃત), મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા: પ્રથમ આવૃત્તિ, ૧૯૫૭.

૨૭. સાંડેસરા, ડૉ. ભોગીલાલ જ.:
'ઇતિહાસની કેડી', પદ્મજા પબ્લિકેશન્સ, વડોદરા, ૧૯૪૫.
'જૈન આગમસાહિત્યમાં ગુજરાત', ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૫૨.
'નંદબત્રીસી' (નરપતિકૃત), 'બુદ્ધિપ્રકાશ', પુ. ૭૯, ઇ.સ. ૧૯૩૨માં પ્રસિદ્ધ.
'નલ-દવદંતી રાસ', મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૪
'પંચતંત્ર' (ગુજરાતી અનુવાદ), ગુજરાતી સાહિત્યપરિષદ, મુંબઈ: પ્રથમ આવૃત્તિ, ૧૯૪૯.
'પ્રદક્ષિણા', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૯.
'પ્રાચીન ફાગુ-સંગ્રહ' (પારેખ, સોમાભાઈના સહકારમાં), મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૫૫.

'ભારતીય આર્યભાષા અને હિન્દી' (અનુવાદ), ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૫૨.

'વસુદેવ-હિંડી' (અનુવાદ), શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૬.

'વર્ણક-સમુચ્ચય' ભાગ ૧, મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૬

'વર્ણક-સમુચ્ચય' ભાગ ૨ (ડૉ. મહેન્દ્ર રમણલાલ નાના સહકારમાં), મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૯.

'શબ્દ અને અર્થ', મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૪.

'સહિયરાનક પ્રકરણ', મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૩.

૨૮. હેમચન્દ્રાચાર્ય (આચાર્ય):

'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' (ગુજરાતી અનુવાદ), પર્વ ૧-૧૦; શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર; પર્વ ૧-૨, આવૃત્તિ છઠ્ઠી, ૧૯૫૨; પર્વ ૩,૪,૫,૬,૭,૮,૯, આવૃત્તિ ચોથી, ૧૯૩૪-૧૯૪૧; પર્વ ૧૦, આવૃત્તિ પહેલી, ૧૯૦૪.

'શ્રીપરિશિષ્ટપર્વ' (ગુજરાતી અનુવાદ), પ્રકાશક: ઉપર દર્શાવ્યા પ્રમાણે, આવૃત્તિ પહેલી, ૧૯૦૪.

અંગ્રેજી

1. 'American Journal of Philology', Vol. XLI, 1920
2. Apte, V. S. :
   'The Practical Sanskrit-English Dictionary', Part-I, II, III; first edition revised and enlarged by Dr. P.K. Gode and Shri C. G. Karve; Prasad Prakashan, Poona; Part-I, 1957; Part-II, 1958; Part-III, 1959.
3. Banerjee, Muralydhar :
   'The Deśīnāmamālā' of Hemacandra, University of Calcutta, Calcutta, 1931.
4. Barua, Rai K.L. Bahadur :
   'An Early History of Kāmarupa', published by the author himself, Shillong, 1933.
5. Bloomfield, Maurice (edited by) :
   'The Kauçika Sutra of the Atharva-Veda', Baltimore (U.S.A.), 1920.
   'The Life and Stories of the Jaina Savior Pārśvanātha', Baltimore (U.S.A.), 1919; The John Hopkins Press.
   'Proceedings of the American Philosophical Society', Volume LVI, 1917

6. 'Chambers's Encyclopaedia'; Vols. 1-10; William & Robert Chambers, Ltd., London, New edition, 1908.

7. Dalal, C.D. (edited by): 'Gaṇa-Kārikā' (Gaekwad's Oriental Series No XV), Central Library, Baroda, first edition, 1920.

8. Dave, T.N.: 'A Study of the Language in the 16th century', The Royal Asiatic Society, London, 1935.

9. Divatia, N.B.: 'Gujarati Language and Literature', Vols. I and II; University of Bombay, first edition, 1921.

10. Edgerton, Franklin: 'Buddhist Hybrid Sanskrit Grammar and Dictionary', Vols. I and II, Yale University Press, New Haven, 1953.

11. 'Epigraphia Indica', Vol. XXI, Govt. of India, New Delhi, 1931-32.

12. 'Études Asiatiques', Vol. XX, Part II, Publication of the French School of the Far East, 1925.

13. 'Indian Antiquary', Vol. LII, 1923

14. Jayaswal, K. P.:
'Hindu Polity'; Butterworth & Co. (India), Calcutta, 1924.

15. Johnson, Miss Helen M.:
'Triṣaṣṭiśalākāpuruṣa Caritra' (English translation), Vol. 1, Oriental Institute, Baroda, 1931.

16. 'Journal of the American Oriental Society', Vol. 47, 1927.

17. 'Journal of the Indian Society of Oriental Art', Vol. XV, 1947.

18. 'Journal of the Oriental Institute, Baroda' Vol. IX, 1959; Vol. X, 1960.

19. 'Journal of the Scindia Oriental Institute, Vol. 2, Ujjain, 195[illegible].

20. Karambelkar, V.W.:
'The Atharvavedic Civilization', Nagpur University, 1959.

21. Lāmā, Tārānāth:
'Mystic Tales of Lāmā Tārānāth', (English translation by Bhupendranath Datta), Ramakrishna Vedanta Matha, Calcutta, first edition reprinted, 1957.

22. Leach Maria and Fried Jerome :
'Standard Dictionary of Folklore, Mythology and Legend', Vols. I and II; published by Funk ~~Wangalls~~ Wagnalls Company, New York, 1950.

23. Mc Crindle :
'Mc Crindle's Ancient India as described by Ptolemy', Chukervertty Chatterji & Co. Ltd., Calcutta, 1927.

24. Majumdar, R.C. :
'Ancient India'; Motilal Banarasidass, Banaras, second revised and enlarged edition, 1952.
'Ancient Indian Colonisation in South East Asia', Oriental Institute, Baroda, first edition, 1955.

25. Majumdar, A.K :
'The Hindu History', published by shri N.K. Roy, Dacca, 1920.

26. Mamjumdar, S.N. :
'AO Nagas', Calcutta, 1925.

27. Monier M. Williams :
'A Sanskrit-English Dictionary', first revised edition reprinted - Oxford University Press, 1951.

28. Nambiyar, Raghavan:
'An Alphabetical List of MSS. in the Oriental Institute, Baroda, Vol. I, 1942; Vol. II, 1950; Oriental Institute, Baroda.

29. Penzer, N.M.:
'Poison Damsels and other essays'; Chas. J. Sawyer, Ltd., London, 1952.

30. Poleman, H.I.:
'A Census of Indic MSS. in the United States and Canada', American Oriental Series, Vol. 12, 1938.

31. 'Primitive India': (translated by Nadine Peppard), published by George G. Harrap and Co. Ltd., London, 1959.

32. Ray, (Acharya) Prafulla Chandra:
'History of Chemistry in Ancient and Medieval India', Indian Chemical Society, Calcutta, 1956.

33. Sastri, T. Ganapati:
'As'valayangrihyasutra', Trivendrum, 1923.

34. Singer, Charles:
'A History of Technology', Vols. 1-6. Oxford University Press, 1958.

35. Singer, Milton (edited by):
'Traditional India: Structure and Change', The American Folklore Society, Philadelphia (U.S.A.), 1959.

36. Sircar, D. C.:
'Select Inscriptions', Vol-I, University of Calcutta, Calcutta, 1942.

37. Seligman, Edwin R.A. and Johnson Alvin (edited by):
'Encyclopaedia of Social Sciences', ~~publis~~ Vols. 1-15; The Macmillan Company, New York, Eleventh Printing, 1954.

38. Sörensen, S.:
'An Index to the Names in The Mahā-Bhārat', Williams & Norgate, London, 1904.

39. Tawney, C. H. and Penzer, N.M.:
'The Ocean of Story', Vols. 1-10, published by Chas. J. Sawyer, Ltd., London, 1924 - 1928.

40. Thompson, Stith:
'The Folktale', The Dryden Press, New York, Second Printing, 1951.

'Motif-Index of Folkliterature', Vols. 1-6, Indiana University Press, Bloomington, Indiana, revised edition, 1955.

41. Turner, R. L.:
'A Comparative and etymological Dictionary of the Nepali Language', Kegan Paul, Trench, Trubner & Co., London, 1931.

42. Weber, A.:
'Panchadandachhatraprabandha', published in 'Philosophical and Historical Annals of the Royal Academy of Sciences in Berlin', 1877.

43. Weber, Albrecht:
'The Çatapatha-Brāhmaṇa', Leipzig, 1924.

સંસ્કૃત, પ્રાકૃત

૧. ઉપાધ્યે, આદિનાથ નેમિનાથ:
'धूर्ताख्यान', (સિંઘી જૈન ગ્રંથમાળા), ભારતીય વિદ્યા ભવન, મુંબઈ, ૧૯૪૪.
'बृहत्कथाकोश', પ્રકાશક: ઉપર પ્રમાણે, ૧૯૪૩

૨. ઘારપુરે, જે. આર. (સંપાદિત):
'मनुस्मृति', પ્રકાશક: કર્તા પોતે, મુંબઈ, પ્રથમાવૃત્તિ, ૧૯૨૦

૩. જિનવિજયજી, મુનિ (સંપાદિત):
'प्रबन्धचिन्तामणि', સિંધી જૈન જ્ઞાનપીઠ, વિશ્વભારતી-(શાન્તિનિકેતન), ૧૯૩૩.

~~૪.~~ 'प्रबन्धकोश', પ્રકાશક – ઉપર પ્રમાણે; ૧૯૩૫

'पुरातनप्रबन्धसंग्रह', પ્રકાશક – ઉપર પ્રમાણે; ૧૯૩૬

૪. પંડિત ભગવાનદાસ (સંપાદિત):
'विक्रमचरित्रम्' (પંડિત શુભશીલગણિકૃત), ખંડ, પ્રથમ, દ્વિતીય; શ્રીહેમચન્દ્રાચાર્ય ગ્રન્થમાલા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૫.

૫. મુકુન્દશર્મા, મ. મ. (સંપાદિત):
'गोभिलगृह्यसूत्रम्', પ્રકાશક – જયકૃષ્ણદાસ હરિદાસ ગુપ્તા, બનારસ, ૧૯૩૬

૬. મુનિ માનવિજય (સંપાદિત):
'अम्बडचरित्रम्' (મુનિરત્નસૂરિ-વિરચિત), શ્રીસત્યવિજય ગ્રન્થમાલા, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૨૮

૭. મોદી, મધુસૂદન ચિમનલાલ:
'अपभ्रंशपाठावली', ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૩૫.

૮. શેઠ, પંડિત હરગોવિન્દદાસ ટી.:
'पाइअसद्दमहण्णवो', પ્રકાશક – કર્તા પોતે; કલકત્તા, ૧૯૨૮

૯. મુધોલકર, શાસ્ત્રી શ્રીનિવાસ કટ્ટિ (સંપાદિત):
'श्रीवाल्मिकीरामायण', પ્રકાશક: ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ, ૧૯૧૨-૧૯૨૦

૧૦. વિજયરાજેન્દ્રસૂરિજી:

'अभिधानराजेन्द्र,' ભાગ ૧ થી ૭; જૈન શ્વેતાંબર સમસ્ત સંઘ, રતલામ; ભાગ ૧, ૧૯૧૩; ભાગ ૨, ૧૯૧૦; ભાગ ૩, ૧૯૧૪; ભાગ ૪, ૧૯૧૭; ભાગ ૫, ૧૯૨૧; ભાગ ૬, ૧૯૨૩; ભાગ ૭, ૧૯૨૫.

हिन्दी

१. द्विवेदी, हजारीप्रसाद :

'नाथ-सम्प्रदाय', इलाहाबाद, १९५०

२. 'नागरीप्रचारिणी पत्रिका,' वर्ष ६२, संवत् २०१४.

३. नामवरसिंह :

"पुरानी राजस्थानी" (डॉ. टेस्सिटोरीकृत 'Notes on Old Western Rajasthani' का अनुवाद); नागरी-प्रचारिणी सभा, काशी, द्वितीय संस्करण, १९५६.

४. भारती, धर्मवीर :

'सिद्ध साहित्य,' इलाहाबाद, १९५५

५. शाह, उमाकान्त प्रे. :

"सुवर्णभूमि में कालकाचार्य", जैन संस्कृति संशोधनमण्डल, बनारस, प्रथम आवृत्ति, १९५६.

६. सहाय, कालिकाप्रसाद और श्रीवास्तव मुकुन्दीलाल (संपादित) :

'बृहत् हिन्दी कोश'; ज्ञानमण्डल लि., बनारस, १९५३

७. सांकृत्यायन, राहुल :
'पुरातत्त्वनिबन्धावली', इलाहाबाद, १९३७
८. 'हस्तलिखित ग्रन्थों की सूची, भाग १; प्रकाशक : राजस्थान पुरातत्त्वान्वेषण मन्दिर, जोधपुर (राजस्थान), प्रथमावृत्ति, १९५९।

બ. હસ્તલિખિત પ્રતો

૧. અજ્ઞાત ગુજરાતી કવિ (કૃતિ ક્રમાંક ૮ના કર્તા):
'પંચદંડ છત્રપ્રબંધ ચઉપઇ બંધ', ગુજરાતી હસ્તપ્રત નં. ૩૩૫૫, શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણ.
'પંચદંડછત્ર', ગુજરાતી હસ્તપ્રત, પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજકનો સંગ્રહ, પાટણ.
'પંચદંડ ચતુષ્પદી', ગુજરાતી હસ્તપ્રત નં. ૩૩૦૭, ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ
'પંચદંડ ચતુષ્પદી', ગુજરાતી હસ્તપ્રત નં. ૭૬૩, શ્રી આત્મારામ જૈન જ્ઞાનમંદિર (શ્રી કાન્તિવિજયજીનો ગુજરાતી સંગ્રહ), વડોદરા.

૨. અજ્ઞાત ગુજરાતી કવિ (કૃતિ નં. ૧૫ના કર્તા):
'પંચદંડની વારતા', ગુજરાતી હસ્તપ્રત નં. ૧૨૬, ડાહીલક્ષ્મી લાયબ્રેરી, નડિયાદ.

૩. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર :

'પંચદંડકથા', ગુજરાતી હસ્તપ્રત નં. 300, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૪. અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર :

'પંચદંડરી વાત', રાજસ્થાની હસ્તપ્રત, શ્રી અગરચંદજી નાહટાનો સંગ્રહ, બીકાનેર.

૫. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (વિ. સં. ૧૪૯૫ પહેલાં):

'विक्रमादित्यस्य पञ्चदण्डछत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત, ગુજરાતી વિભાગ, મ.સ. યુનિવર્સિટી, વડોદરા.

૬. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (ઇતિ ક્રમાંક ૫ના કર્તા):

'पञ्चदण्डछत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૧૩૯૨, શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિર, પાટણ.

૭. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (ઇતિ ક્રમાંક ૬ના કર્તા):

'पञ्चदण्डछत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૧૯૯૦, શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિર, પાટણ.

૮. ઉપાધ્યાય, દેવમૂર્તિ:

'सिंहासनद्वात्रिंशिकाकथा' સંસ્કૃત હસ્તપ્રત નં. ૩૮૫૦, શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિર, પાટણ.

'सिंहासनद्वात्रिंशिकाकथा', સંસ્કૃત હસ્તપ્રત નં. ૧૪૪૬, શ્રી આત્મારામ જૈન જ્ઞાનમન્દિર (મુનિરાજ શ્રી હંસવિજયજી શાસ્ત્રસંગ્રહ), વડોદરા.

'विक्रमचरित्रमहाकाव्यम्', સંસ્કૃત હસ્તપ્રત નં. ૬૯૬૩, શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિર, પાટણ.

૯. નરપતિ :

'વિક્રમપંચદંડ પ્રબંધ', ગુજરાતી હસ્તપ્રત નં. ૧૪૨૭૫, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા.

'વિક્રમકથા', ગુજરાતી હસ્તપ્રત નં. ૬૩૯, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા.

'પંચદંડ છત્રપ્રબંધ રાસ', ગુજરાતી હસ્તપ્રત નં. ૫૫૬૦, ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદ.

'પંચદંડ કથાનક', ગુજરાતી હસ્તપ્રત નં. ૬૬૧૫, ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદ.

૧૦. પૂર્ણચન્દ્રસૂરિ:

'पञ्चदण्डप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૨૩૭૬, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા.

'पञ्चदण्डप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૧૭૮, અને નં. ૧૧૨૩૩, શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિર, પાટણ.

'विक्रमप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૧૭૨/૧૯૭૨-૭૩, ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂના.

'पञ्चदण्डछत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૧૬૦૬, ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદ

૧૧. ભાણવિજયગણિ:

'પંચદંડ છત્ર', ગુજરાતી હસ્તપ્રત નં. ૨૨, શ્રી આત્મારામ જૈન જ્ઞાનમન્દિર (શ્રી કાન્તિવિજયજી શાસ્ત્રસંગ્રહ, ગુજરાતી વિભાગ), વડોદરા.

૧૨. મંગલમાણિક્ય:

'વિક્રમ-ખાપરો ચોર', ગુજરાતી હસ્તપ્રત, ગુજરાતી વિભાગ, મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

૧૩. માલદેવ મુનિ:

'પંચદંડ છત્રોત્પત્તિકથા', ગુજરાતી હસ્તપ્રત, નં. ૪૨, વિશ્વેશ્વર વૈદિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, હોશિયારપુર (પંજાબ)

'વિક્રમચરિત્રકથા', ગુજરાતી હસ્તપ્રત નં ૯, વિશ્વેશ્વર વૈદિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, હોશિયારપુર (પંજાબ).

'વિક્રમ પંચદંડ ચોપાઈ', ગુજરાતી હસ્તપ્રત, ગોવિંદ પુસ્તકાલય, બીકાનેર.

૧૪. રામચન્દ્રસૂરિ (પૂર્ણિમાગચ્છીય):

'पञ्चदण्डातपत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૨૧૧૧, પ્રાચ્ય-વિદ્યા મન્દિર, વડોદરા.

'पञ्चदण्डछत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૧૭૧૯, નં. ૯૬૪૯, શ્રીહેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિર, પાટણ.

'पञ्चदण्डातपत्रछत्र', સંસ્કૃત હસ્તપ્રત નં. ૪૦ (અનુક્રમાંક નં. ૯૮), અનૂપ સંસ્કૃત લાયબ્રેરી, બીકાનેર.

'पञ्चदण्डछत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૨૧૨૧, ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદ.

'पञ्चदण्डछत्रप्रबन्ध', સંસ્કૃત હસ્તપ્રત નં. ૯૯, આમેર શાસ્ત્રભંડાર, જયપુર.

'सिंहासनद्वात्रिंशिका', સંસ્કૃત હસ્તપ્રત નં. ૨૧૯૭, શ્રી આત્મારામ જૈન જ્ઞાનમન્દિર, (શ્રી કાન્તિવિજયજી શાસ્ત્ર-સંગ્રહ), વડોદરા.

૧૫. લક્ષ્મીવલ્લભગણિ:

'વિક્રમ પંચદંડ ચતુષ્પદી', ગુજરાતી હસ્તપ્રત નં. ૧૭૬૮, પ્રાચ્ય-વિદ્યા મન્દિર, પાટણ.

'પંચદંડ ચતુષ્પદી', ગુજરાતી હસ્તપ્રત નં. ૪૨૬૬, ભારતીય સંસ્કૃતિ મન્દિર, અમદાવાદ.

'વિક્રમ પંચદંડ ચોપાઈ', હસ્તપ્રત નં. ૩૯૯૯, રાજસ્થાન પુરાતત્ત્વમન્દિર, જયપુર.

૧૬ વિજયકુશલ:

'श्रीविक्रमादित्य-पञ्चदण्ड छत्रचरित्रं', સંસ્કૃત હસ્તપ્રત, યતિશ્રી હેમચંદ્રજી હસ્તપ્રતસંગ્રહ, પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા.